


RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 194
Dt.: 27-03-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa


### કેરળ પોલીસે 'X' વિરુદ્ધ કેસ નોંધ્યો

# PM મોદી અને ચૂંટણી પંચના AI વીડિયો મામલે બબાલ

### FIRના આરોપ મુજબ, પીએમ મોદી અને ચૂંટણી પંચનો ખોટી રીતે AI જનરેટેડ વીડિયો બનાવી પ્રસાર કરવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તિરૂવનંતપૂરમ્

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચૂંટણી પંચનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જનરેટેડ ખોટો વીડિયો વાયરલ થવા મામલે મોટો વિવાદ ઊભો થયો છે. આ મામલે કેરળ પોલીસે અમેરિકન અબજોપતિ ઈલોન મસ્કની સોશિયલ મીડિયા પ્લેટફોર્મ કંપની X અને તેના એક હેન્ડર વિરુદ્ધ કેસ નોંધ્યો છે. FIRના આરોપ મુજબ, પીએમ મોદી અને ચૂંટણી પંચનો ખોટી રીતે AI જનરેટેડ વીડિયો બનાવી પ્રસાર કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં પીએમ મોદી અને ચૂંટણી પંચને ગેરમાર્ગે દોરનારા અને માનહાનિકારક રીતે દેખાડાયા છે. પોલીસે સત્તાવાર કહ્યું છે કે, ચૂંટણી પંચ સહિત અન્ય સત્તાવાર માધ્યમો દ્વારા કથિત માનહાનિકારક કન્ટેન્ટ વાયરલ કરાયો હોવાની પોલીસને માહિતી મળી છે. બુધવારે મોડી રાત્રે તિરુવનંતપુરમ શહેરના સાયબર ક્રાઈમ પોલીસમાં એક કેસ નોંધાવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસ મુજબ આ કન્ટેન્ટથી પ્રજાને ગેરમાર્ગે દોરાઈ શકે છે અને બંધારણીય સંસ્થાઓને નબળી પાડી શકે છે, તેમજ આવા ખોટા વીડિયોના કારણે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી પર ગંભીર અસર પડી શકે છે. વીડિયો વાયરલ કરનારને પકડી પાડવા અને કાયદા મુજબ કાર્યવાહી કરવાની તપાસ શરૂ કરી દેવાઈ છે. FIRમાં X હેન્ડલ લક્ષ્મી એન. રાજુ, X કોર્પોરેશન સહિત અન્ય લોકોના નામ સામેલ છે. પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૨ (શાંતિ ભંગ કરવાના ઈરાદાથી જાણીજોઈને અપમાન કરવું), ૩૩૬ (છેતરપિંડી), ૩૫૩ (ઉશ્કેરણીજનક નિવેદનો) સહિતની કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે. પોલીસે કહ્યું કે, કથિત વીડિયો એક મિનિટ અને ૧૭ સેકન્ડનો છે અને અશાંતિ ફેલાવવાના ઈરાદાથી વીડિયો શેર કરવામાં આવ્યો હતો. અધિકારીઓનો આદેશ છતાં આ કન્ટેન્ટ હટાવી દેવામાં આવે, પરંતુ તે પ્લેટફોર્મ પર સતત વાયરલ થઈ રહ્યું. આ મામલે નોટિસ ફટકારાઈ છે અને ગેરકાયદે કન્ટેન્ટ તુરંત હટાવવાની માંગ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, કેરળમાં વિધાનસભા ચૂંટણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં ૯મી એપ્રિલે એક તબક્કામાં મતદાન યોજાવાનું છે અને ચોથી મેએ પરિણામ જાહેર થવાનું છે.

## આંધ્રપ્રદેશમાં ટ્રક-બસ વચ્ચેની ટક્કર બાદ ભીષણ આગ, ૮થી વધુના મોત

### તેલંગાણાના નિર્મલથી નેલ્લોર જઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની બસ અને ટીપર ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ



(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

આંધ્રપ્રદેશના માર્કાપુરમ જિલ્લાના રાયવરમ પાસે આજે વહેલી સવારે એક કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો છે. તેલંગાણાના નિર્મલથી નેલ્લોર જઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની બસ અને માલસામાન ભરેલા ટીપર ટ્રક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને વાહનોમાં જોતજોતામાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં બસમાં સવાર ૮થી વધુ મુસાફરો જીવતા ભૂંજાયાની માહિતી મળી રહી છે. મળતી માહિતી મુજબ, હરિકૃષ્ણા ટ્રાવેલ્સની આ બસમાં આશરે ૪૦ મુસાફરો સવાર હતા.

હૈદરાબાદથી પામુર જઈ રહેલી આ બસ રાયવરમ પાસે પહોંચી ત્યારે સામેથી આવતા ટ્રક સાથે તેની અથડામણ થઈ હતી. ટક્કર બાદ બસ ડિવાઈડર સાથે અથડાઈને પલટી ગઈ હતી અને તરત જ આગની જ્વાળાઓમાં ઘેરાઈ ગઈ હતી. મુસાફરોને બહાર નીકળવાનો મોકો મળે તે પહેલા જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ અકસ્માતમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ૧૮ થી વધુ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા મુસાફરોને તાત્કાલિક નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. ડોક્ટરોના જણાવ્યા મુજબ, કેટલાક મુસાફરોની હાલત અત્યંત નાજુક હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે અને અધિકારીઓને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ સારવાર આપવા તેમજ અકસ્માતની ઊંડી તપાસ કરવાના આદેશ આપ્યા છે.

## ઈરાને અમેરિકાના ફાઈટર જેટ F-18 જેટ પર મિસાઈલ છોડી

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાન અને અમેરિકા વચ્ચે શું ચાલી રહ્યું છે, તેને લઈને દર સેકેન્ડે સસ્પેન્સ વધતું જાય છે. પીસ ટોકની વચ્ચે આકાશમાં અમેરિકાના પાવરફુલ ફાઈટર જેટ પર એટેક કરવામાં આવ્યો છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કોર્પ્સે દાવો કર્યો છે કે તેમણે અમેરિકી સેનાનું એક F-18 લડાકૂ વિમાનને હિટ કર્યું છે. ઈરાનની સરકારી ચેનલ પ્રેસ ટીવીએ તેનો વીડિયો પણ જાહેર કરી દીધો છે.

ઈરાનની સરકારી મીડિયા અને IRGCના નિવેદન અનુસાર, અમેરિકી લડાકૂ વિમાન તેની હવાઈ સરહદની નજીક મંડરાઈ રહ્યું હતું. જેને ઈરાની એર ડિફેન્સ સિસ્ટમે ટ્રેક કરી અને પાડી દીધું.

F-18 સુપર હોર્નેટ અમેરિકાનું સૌથી આધુનિક અને ઘાતક વિમાનોમાંથી એક છે. su USS અબ્રાહમ લિંકન જેવા વિમાનવાહક જહાજમાંથી ઉડાન ભરે છે.

F-18 સુપર હોર્નેટ અમેરિકાનું સૌથી આધુનિક અને વિશ્વાસું લડાકૂ વિમાનમાંથી એક છે. તેના તોડી પાડવું અમેરિકાની સૈન્ય સાખ પર એક મોટો પ્રહાર છે. જો દાવો સાચો નીકળે છે અને વિમાન હિંદ મહાસાગરના પેટાળમાં સમાઈ ગયું છે, તો આ ડોનાલ્ડ ટ્રમ્પ માટે રેડ લાઈન પાર કરવા જેવું હશે. પેંટાગને હજુ સુધી આ વાત પર મૌન છે, પણ સૂત્રોનું કહેવું છે કે અમેરિકી બેડામાં ભારે હલચલ જોવા મળી રહી છે.

## બાંગ્લાદેશમાં પદ્મા નદીમાં મુસાફરો ભરેલી બસ ખાબકી: ૨૩ લોકોના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશના રાજવાડી જિલ્લામાં પદ્મા નદીમાં મુસાફરો ભરેલી બસ ખબકતા ૨૩ લોકોના મોત થયા છે. રિપોટ્સ અનુસાર, આ ઘટનામાં ઘણાં લોકો ઘાયલ થયા છે અને કેટલાક હજુ પણ ગુમ હોવાનું જણાવાઈ રહ્યું છે. રાજવાડીથી ઢાકા જઈ રહેલી આ બસમાં આશરે ૪૦ થી ૫૦ લોકો સવાર હતા. આ દુર્ઘટના બુધવારે સાંજે આશરે ૫ વાગ્યે દૌલતદિયા ફેરી ટર્મિનલ નંબર ૩ પર સર્જાય છે. બસ ફેરી બોટ પર ચડવાનો પ્રયત્ન કરી રહી હતી, ત્યારે બેકાબૂ બનીને પાણીમાં ખાબકી હતી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, બસમાં ઘણાં મુસાફરોને ખીંચોખીચ ભરી દેવામાં આવ્યાં હતા.

પોલીસ ઈન્સપેક્ટર રસેલ મુલ્લાએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૨૩ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યાં છે. તેઓએ કહ્યું કે, કેટલાક લોકો હજુ પણ ગાયબ છે. જ્યારે કેટલાક મુસાફરોનું સેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. તેણે કહ્યું કે, રાતના અંધારાના કારણે રેસ્ક્યૂ કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે. પરંતુ સવારે ફરી રેસ્ક્યુ કામગીરી શરૂ થઈ ચૂકી છે. ફાયર સર્વિસ, નેવી, પોલીસ અને અન્ય ટીમોએ સાથે મળીને બચાવ અભિયાન હાથ ધર્યું છે. તેઓએ રાતે કહ્યું હતુ કે, રાતે અંધારું હોવાના કારણે બચાવ કામગારી અસ્થાયી રૂપે રોકી દેવામાં આવી છે. પરંતુ દિવસે ફરી જોરશોરથી રેસ્ક્યુ કામગારી શરૂ કરવામાં આવી છે.

રેસ્ક્યૂ શિપ હમજાએ ૬ કલાક બાદ ડૂબેલી બસને પાણીની બહાર કાઢી. રાતે ૧૧:૧૫ વાગ્યે બસનો કેટલોક ભાગ દેખાઈ રહ્યો હતો અને ૧૧:૩૦ વાગ્યે ક્રેનની મદદથી આખી બસને બહાર ખેંચી લેવામાં આવી હતી. દુર્ઘટનામાં માંડ માંડ બચેલા મુસાફરોએ જણાવ્યું કે, તેઓ તરતાં તરતાં કિનારે પહોંચ્યા હતા. પરંતુ પત્ની અને બાળકો આંખોની સામે જ પાણીમાં ડૂબી ગયાં, કલુખાની ઉપજિલ્લાના અબ્દુલ અજીજુલે પણ જણાવ્યું કે, તે બસમાં સવાલો હતો અને તરીને બચી ગયો, પરંતુ તેની પત્ની અને દીકરો હજુ ગાયબ છે. પદ્મા નદી કિનારે દુર્ઘટના સ્થળે પરિવારજનો ટોળે વળ્યાં હતા અને પોતાના સ્વજને શોધવા માટે ફાંફા મારતા જોવા મળ્યાં, આ દ્રશ્યોથી ધ્રૂજાવી મૂકે એવા હતા. તેઓ આશા કરીને બેઠા છે કે, પોતાના સ્વજનોને જીવતા બચાવી લેવામાં આવે. બચાવ કાર્યમાં ફાયર વિભાગ, નેવી અને પોલીસની ટીમો લાગેલી છે, પરંતુ રાતે દુર્ઘટના સર્જાતા બચાવ કામગીરીમાં ઘણી મુશ્કેલી પડી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, આ બસ સૌહાર્દો પરિવહનની હતી. સ્થાનિક વહીવટી તંત્ર અને રાહત ટીમો ઘટના સ્થળે સક્રિય છે અને સ્થિતિ પર નજર રાખી રહી છે.

### ૧ એપ્રિલથી નવા નિયમ લાગુ

## શેરબજારમાં સટ્ટાબાજી રોકવા સરકારે ટ્રેડિંગ ચાર્જ વધાર્યા

### સરકારે બજેટ દરમિયાન STT વધારતા કહ્યું હતું કે, રિટેલ અને નાના રોકાણકારો F&O માં વધુ ફસાઈ રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જો તમે શેર બજારમાં ટ્રેડિંગ કરી રહ્યા છો તો એક એવા સમાચાર સામે આવ્યા છે જેનાથી તમને ઝટકો લાગી શકે છે. ૧ એપ્રિલથી એક ચાર્જ વધવા જઈ રહ્યો છે, જેના હેઠળ F&O ટ્રેડિંગ કરતા લોકોને વધુ ચાર્જ આપવો પડશે. તેનું એલાન કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં જ કરી દેવામાં આવ્યું હતું, જે ૧ એપ્રિલથી લાગુ થઈ જશે. આ ચાર્જ સિક્યોરિટી ટ્રાન્જેક્શન ટેક્સ (STT) છે. સરકારે બજેટ દરમિયાન STT વધારતા કહ્યું હતું કે, રિટેલ અને નાના રોકાણકારો ફ્યુચર્સ અને ઓપ્શન્સ (F&O)માં વધુ ફસાઈ રહ્યા છે અને તેમને મોટું નુકસાન ઉઠાવવું પડી રહ્યું છે. આવી સ્થિતિમાં તેમને રોકવા માટે આ ચાર્જ વધારવામાં આવી રહ્યો છે. આ ટેક્સનો હેતુ રિટેલર્સને સટ્ટાબાજી કરતા રોકવાનો છે. ફ્યૂચર અને ઓપ્શન (F&O) હેઠળ સિક્યોરિટી ટ્રાન્જેક્શન ટેક્સ (STT)ને ૦.૦૨%થી વધારીને ૦.૦૫% કરી દેવામાં આવ્યો છે. જ્યારે ઓપ્શન પ્રીમિયમ પર ટેક્સ અને ઓપ્શન પર એક્સસાઈઝ ૦.૦૧% અને ૦.૧૨૫%થી વધીને ૦.૧૫% થઈ જશે. દરેક ટ્રેડ પર આ ટેક્સ લાગુ થશે. આ પગલા પાછળના તર્કને સમજાવતા રેવેન્યૂ સેક્રેટરી અરવિંદ શ્રીવાસ્તવે કહ્યું કે, આ વધારો ફક્ત F&O પર લાગુ થાય છે અને એ વાત પર ભાર મૂક્યો કે, અન્ય સેક્ટર્સમાં STT રેટ્સને અનચેન્જ રાખવામાં આવ્યા છે. શ્રીવાસ્તવે ઉમેર્યું હતુ કે આ પગલાનો હેતુ ડેરિવેટિવ્ઝ માર્કેટમાં અતિશય સટ્ટાબાજી પર અંકુશ લગાવવાનો છે. તેમણે કહ્યું કે, જ્યારે તમે ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં ટ્રાન્જેક્શનની માત્રા જુઓ છે, ત્યારે તે મોટાપાયે સટ્ટાબાજી હોય છે. જેના કારણે નાના અને રિટેલ રોકાણકારોને મોટું નુકસાન થાય છે. સરકારનો ઉદ્દેશ્ય સટ્ટાબાજીને રોકવાનો અને ડેરિવેટિવ્ઝ સેક્ટરમાં હાજર સિસ્ટમ રિસ્કનું સમાધાન કરવાનો છે. શ્રીવાસ્તવે કહ્યું કે, દરમાં વધારો મૂળભૂત રીતે આ દિશામાં જ એક પગલું છે. વધારા પછી પણ STT દર મોટા પ્રમાણમાં થતા ટ્રાન્જેક્શનની તુલનામાં સાધારણ જ રહેશે. કેપિટલ માર્કેટ નિયમનકાર સેબી દ્વારા કરવામાં આવેલા એક સ્ટડીમાં જાણવા મળ્યું છે કે ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ (F&O) સેગમેન્ટમાં ૧૦ માંથી ૯થી વધુ ટ્રેડર્સ નુકસાન ઉઠાવી રહ્યા છે. STTમાં વધારા પર જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના મુખ્ય બજાર વ્યૂહરચનાકાર આનંદ જેમ્સે કહ્યું હતું કે, પ્રથમ દ્રષ્ટિએ તો તે ઈક્વિટી માટે સકારાત્મક છે કારણ કે ઓપ્શન્સ ટ્રેડ વધુ મોંઘા થઈ જાય છે.

## જો બિલમાં 'LPG ચાર્જ' દેખાય તો પૈસા આપતા નહીં, કેન્દ્રનો આદેશ


(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક સ્તરે સર્જાયેલા ગેસ સંકટ વચ્ચે દેશની હોટલો અને રેસ્ટોરન્ટ્સ દ્વારા ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતા વધારાના 'LPG ચાર્જ' સામે કેન્દ્ર સરકારે લાલ આંખ કરી છે. કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળે (CCPA) આ પ્રકારની વસૂલાતને 'અનુચિત વ્યાપાર પ્રથા' (Unfair Trade Practice) ગણાવીને તેના પર તાત્કાલિક અસરથી રોક લગાવી દીધી છે. ડિપાર્ટમેન્ટ ઓફ કન્ઝ્યુમર અફેર્સ દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, હવેથી કોઈ પણ હોટલ કે રેસ્ટોરન્ટ ગ્રાહકના બિલમાં 'ન્ ચાર્જ', 'ગેસ સરચાર્જ' કે 'ફ્યુઅલ કોસ્ટ રિકવરી' જેવા વધારાના શુલ્ક ઉમેરી શકશે નહીં. CCPAએ ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૧૦ હેઠળ નવી એડવાઈઝરી જાહેર કરતાં નિર્દેશ આપ્યો છે કે, આવા કોઈ પણ ચાર્જ ઓટોમેટિક કે ડિફોલ્ટ રીતે વસૂલી શકાશે નહીં. નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન(NCH) પર મળેલી ફરિયાદો અને મીડિયા રિપોર્ટ્સના આધારે જાણવા મળ્યું હતું કે, કેટલીક હોટલો મેનુ કાર્ડમાં દર્શાવેલી કિંમતો અને ટેક્સ ઉપરાંત અલગથી ગેસ ચાર્જ વસૂલી રહી હતી. સરકારનું માનવું છે કે આનાથી પારદર્શકતાનો અભાવ સર્જાય છે અને ગ્રાહકો પર આર્થિક બોજ વધે છે. જો કોઈ હોટલ આ નિયમનું ઉલ્લંઘન કરશે, તો તેની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

### મિડલ ઈસ્ટની સ્થિતિ પર થશે ચર્ચા

## વડાપ્રધાન મોદી દરેક રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કરશે બેઠક

### વાતચીત વીડિયો કોન્ફરન્સ દ્વારા થશે : તેમાં જે પાંચ રાજ્યોમાં ચૂંટણી છે તેના મુખ્યમંત્રીઓ સામેલ થશે નહીં



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક કરશે. કાલે ૬.૩૦ કલાકે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત થશે. આ વાતચીતમાં જ્યાં ચૂંટણી છે તે રાજ્યોના મુખ્યમંત્રીઓ સામેલ થશે નહીં. વાતચીત દરમિયાન મિડલ ઈસ્ટની સ્થિતિ પર ચર્ચા થશે. આચાર સંહિતાને કારણે ચૂંટણી રાજ્યોના મુખ્યમંત્રીઓ પીએમ સાથે આ સંવાદ કાર્યક્રમમાં સામેલ થશે નહીં.

આ દરમિયાન પીએમ મોદી રાજ્યની તૈયારીઓ અને યોજનાઓની સમીક્ષા કરશે. સંકટના આ સમયમાં ટીમ ઈન્ડિયાની ભાવનાની સાથે તાલમેલનો આ પ્રયાસ છે. ચૂંટણીવાળા રાજ્યોના મુખ્ય સચિવો માટે એક અલગ બેઠક થશે, જે કેબિનેટ સચિવાલયના માધ્યમથી આયોજીત કરવામાં આવશે. મિડલ ઈસ્ટના સંકટને જોતા પીએમ મોદી સતત સક્રિય છે અને પશ્ચિમ એશિયાના નેતાઓ સાથે વાતચીત કરી રહ્યાં છે. આ મુદ્દે તેમણે સંસદમાં પણ સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે પશ્ચિમ એશિયામાં સ્થિતિ ચિંતાજનક છે અને આ સંકટને ત્રણ સપ્તાહ કરતા વધુ સમય થઈ ગયો છે. તેમણે કહ્યું કે આ સંકટથી માત્ર ભારત જ નહીં વિશ્વ સંઘર્ષ કરી રહ્યું છે. તેની અસર વિશ્વની અર્થવ્યવસ્થા અને લોકોના જીવન પર થઈ રહી છે. પીએમ મોદીએ જણાવ્યું કે ભારત માટે આ યુદ્ધ આર્થિક, રાષ્ટ્રીય સુરક્ષા અને માનવીય, ત્રણેય સ્તરો પર અવિશ્વસનીય પડકાર લાવ્યું છે. કાચા તેલ અને ગેસની જરૂરિયાત સાથે-સાથે ખાડીના દેશોમાં લગભગ ૧ કરોડ ભારતીયો રહીને કામ કરે છે. તેની સુરક્ષા ભારત સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે હોર્મુઝ જેવા મહત્વપૂર્ણ માર્ગોથી અવરજવર પડકારજનક બની ગઈ છે. તેનાથી ભારતનો વૈશ્વિક વેપાર અને સપ્લાય ચેન પ્રભાવિત થઈ રહી છે. ભારતની કાચા તેલ અને પ્રાકૃતિક ગેસની સપ્લાયમાં સમસ્યા થઈ શકે છે. પરંતુ તેમણે લોકોને વિશ્વાસ અપાવ્યો હતો કે દેશની પાસે ૫૨ લાખ મેટ્રિક ટનનો રણનીતિક પેટ્રોલિયમ રિઝર્વ સુરક્ષિત છે. ખાતરની સપ્લાય પર પણ અસર પડી રહી છે. પરંતુ ભારતની પાસે ખાતરનો પર્યાપ્ત ભંડાર છે. તેમણે કહ્યું કે ભારતની સંસદથી શાંતિની એક અવાજ દુનિયા સુધી જવો જોઈએ. પીએમ મોદીએ શાંતિ અને સંવાદને એકમાત્ર માધ્યમ ગણાવ્યું હતું. સંકટના સમાધાન માટે પીએમ મોદી ઈઝરાયલ, ઈરાન, અમેરિકા અને અન્ય ખાડી દેશોના નેતાઓ સાથે સતત સંપર્કમાં છે.

મિડલ ઈસ્ટની સ્થિતિ પર સરકારે ગુરૂવારે સર્વદળીય બેઠક બોલાવી હતી. બેઠકની અધ્યક્ષતા રક્ષામંત્રી રાજનાથ સિંહે કરી હતી. આ દરમિયાન સરકારે વિપક્ષને જણાવ્યું કે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની કોઈ અછત નથી. સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી ચાર ભારતીય જહાજ સુરક્ષિત નીકળ્યા છે. ડરની કોઈ જરૂર નથી.




# તંત્રી લેખ......

## રામરાજ્યને સાકાર કરવા માટેનો રોડમેપ

રામ નવમીનો પવિત્ર તહેવાર ભારતીય લોકો માટે માત્ર એક તારીખ નથી, પરંતુ ગૌરવ, બલિદાન અને સત્યના વિજયનો ઉજવણી છે. આ તહેવાર આપણને એક આદર્શ સમાજની યાદ અપાવે છે, જેને રામરાજ્યના રૂપમાં, યુગોથી માર્ગદર્શક દીવાદાંડી માનવામાં આવે છે. નવેમ્બર ૨૦૨૫ માં અયોધ્યામાં "ધર્મ ધ્વજહ" ઉર્ધ્વગામન સમારોહ પ્રસંગે વડા પ્રધાન મોદી દ્વારા રાષ્ટ્ર સમક્ષ રજૂ કરાયેલ સંવાદ માત્ર ભારતની સાંસ્કૃતિક ચેતનાના પુનર્જાગરણનું પ્રતીક નહોતું, પરંતુ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સ્પષ્ટ નૈતિક રોડમેપ પણ પ્રદાન કરતો હતો. આ ચર્ચાનો સૌથી ગહન પાસું "વિભીષણ ગીતા" માંથી ફકરો હતો, જે પ્રાચીન માનવ મૂલ્યોને આધુનિક સુશાસન અને રાષ્ટ્રનિર્માણ સાથે જોડે છે. આ સંવાદ એક એવા નિર્ણાયક ક્ષણે થાય છે જ્યારે વિભીષણ શસ્ત્રોથી સજ્જ વિશાળ રથ પર સવાર રાવણના દૃશ્યથી વ્યથિત થાય છે. જવાબમાં વર્ણવેલ "ધર્મ રથ" ભૌતિક સંસાધનો કરતાં આંતરિક ગુણો અને ચારિત્ર્યની શક્તિની શ્રેષ્ઠતા જાહેર કરે છે. રાષ્ટ્રની પ્રગતિ માટે હિંમત અને સંયમનું સંતુલન આવશ્યક છે. ધર્મ રથના બે પૈડા, "શૌર્ય" અને "ધૈર્ય" આ સંતુલનને પ્રતિબિંબિત કરે છે. સમકાલીન સંદર્ભોમાં, "શૌર્ય" નો અર્થ નીતિગત નિર્ણયો લેવાની હિંમત અને પડકારોનો સામનો કરવા માટે અડગ રહેવાની ઈચ્છાશક્તિ થાય છે. દરમિયાન, "ધીરજ" નો અર્થ એ છે કે તે સુધારાઓના લાંબા ગાળાના પરિણામો પ્રત્યે પ્રતિબદ્ધતા અને વૈશ્વિક કટોકટીઓથી અવિચલિત રહેવું. વિકસિત ભારતના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે, રાષ્ટ્રનો રથ આ બે ગુણોના સંતુલન સાથે આગળ વધે તે જરૂરી છે. ધર્મના રથનો ધ્વજ "સત્ય" અને "નૈતિકતા"નું પ્રતીક છે. આધુનિક સુશાસનમાં, "સત્ય" નો અર્થ પારદર્શિતા અને જવાબદારી છે. જ્યારે વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર માટે કોઈ જગ્યા નથી અને દરેક નિર્ણય જાહેર હિતમાં લેવામાં આવે છે, ત્યારે સત્યનો ધ્વજ ઊંચો લહેરાતો હોય છે. આજે, "નૈતિકતા" અથવા "નૈતિકતા" નો અર્થ નાગરિકો અને જાહેર સેવકોનું તે વર્તન છે જે ગૌરવ અનુસાર હોય છે. આ આચરણ વૈશ્વિક મંચ પર દેશની છબી સ્થાપિત કરે છે. શક્તિ, શાણપણ, હિંમત અને પરોપકાર એ રાષ્ટ્રની ચાર-પાંખી શક્તિ છે. ધર્મના રથને ખેંચતા આ ચાર "ઘોડા" રાષ્ટ્રની શક્તિ અને તેના ઉદ્દેશ્યોને વ્યાખ્યાયિત કરે છે. જ્યારે "તાકાત" રાષ્ટ્રની શક્તિ અને આત્મનિર્ભરતાનું પ્રતીક છે, ત્યારે "શક્તિ" શાણપણ માટે જરૂરી છે. આજના યુગમાં, શાણપણનો અર્થ માનવ કલ્યાણ માટે વૈજ્ઞાનિક અભિગમ અને ટેકનોલોજીનો ઉપયોગ છે. કુદરતી સંસાધનોનો ટકાઉ ઉપયોગ અને પર્યાવરણીય ટકાઉપણું માટેની જવાબદારી "બંધ" ના આધુનિક સ્વરૂપો છે. "પરહિત" (લાચારી) પણ મહત્વપૂર્ણ છે. વિકાસ ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે સમાજના છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે છે. આ ચાર ઘોડાઓને નિયંત્રિત કરતી લગામ ક્ષમા, કૃપા અને સમાનતાના દોરડા છે. સામાજિક ન્યાય અને સમાનતા વિના, વિકાસનો રથ અનિયંત્રિત બની શકે છે. સમાવેશી વિકાસનો અર્થ એ છે કે સમાજનો દરેક વર્ગ સમાન રીતે સશક્ત બને. "કોવિદાર" વૃક્ષના પ્રતીકનો ઉલ્લેખ અયોધ્યાના સંદર્ભમાં મહત્વપૂર્ણ છે. પ્રાચીન સમયમાં, "કોવિદાર" નું પ્રતીક અયોધ્યાની સેના અને રાજ્યની ઓળખ હતી. આ પ્રતીક આપણને યાદ અપાવે છે કે જ્યારે કોઈ સમાજ તેના મૂળમાંથી કપાઈ જાય છે, ત્યારે તેનો મહિમા ઈતિહાસમાં દટાઈ જાય છે. વિકસિત ભારતનો અર્થ ફક્ત આર્થિક પ્રગતિ નથી, પરંતુ એક રાષ્ટ્ર જે તેની ભાષાકીય વિવિધતા, સાંસ્કૃતિક પરંપરાઓ અને પ્રાચીન જ્ઞાન પ્રણાલીઓ પર ગર્વ અનુભવે છે. માનસિક ગુલામીમાંથી મુક્તિ અને તેની ઓળખની પુનઃસ્થાપના રાષ્ટ્રના આત્મવિશ્વાસને પુનઃસ્થાપિત કરે છે. ભારતની સૌથી મોટી શક્તિ તેની યુવા પેઢીમાં રહેલી છે. આ યુવા શક્તિ એ સારથિ છે જે ૨૦૪૭ ના સંકલ્પને પૂર્ણ કરશે.

# ઉત્તર ગુજરાતના વિકાસનો નવો અધ્યાય: બેચરાજી-રણુજ રેલખંડ તૈયાર: સીઆરએસ નિરીક્ષણ માટે પ્રસ્તાવ અગ્રેષિત





પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૫ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ ગુજરાતના પ્રવાસ દરમિયાન રૂા.૧,૪૦૦ કરોડથી વધુ ખર્ચની વિવિધ રેલવે યોજનાઓ દેશને સમર્પિત કરી હતી, જેમાં બેચરાજી–રણુજ રેલ ખંડનો પણ સમાવેશ થાય છે, જેનું બ્રોડગેજમાં રૂપાંતર કાર્ય પૂર્ણ થયું છે.

લગભગ ૪૦ કિલોમીટર લંબાઈ અને રૂા.૫૨૦ કરોડના ખર્ચથી પૂર્ણ થયેલ આ પ્રોજેક્ટ દ્વારા ઉત્તર ગુજરાતને મજબૂત રેલ સંપર્ક ઉપલબ્ધ થયો છે. આ પ્રોજેક્ટ રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ તેમજ પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનના અનુરૂપ વિકસાવવામાં આવ્યો છે, જેના કારણે વિસ્તારમાં સુરક્ષિત, ઝડપી અને અવરોધરહિત આવાગમન સુનિશ્ચિત થશે.

બેચરાજી–રણુજ રેલ ખંડ હેઠળના મધ્યવર્તી મુખ્ય સ્ટેશનોમાં ખાંભેલ અને ચાણસ્માનો સમાવેશ થાય છે, જે મહેસાણા અને પાટણ જિલ્લાનો મહત્વપૂર્ણ વિસ્તારો છે. આ રેલ લાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર પૂર્ણ થઈ ચૂક્યું છે અને યાત્રી રેલ સેવાઓ શરૂ થતાં જ આ વિસ્તારોનાં ગ્રામિણ તથા અર્ધ-શહેરી વિસ્તારોને સીધો લાભ મળશે. ખાસ કરીને સ્થાનિક રહેવાસીઓ, વિદ્યાર્થીઓ, નોકરીયાત લોકો તેમજ નાના વેપારીઓ માટે આવાગમન વધુ સરળ, ઝડપી અને કિફાયતી બનશે.

દેશના વિવિધ વિસ્તારોમાંથી બેચરાજી મંદિર તથા ત્યાં યોજાતા મેળામાં દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓને આ રેલ સુવિધાથી વિશેષ લાભ મળશે.

આ પ્રોજેક્ટ વિસ્તારના કૃષિ તથા લઘુ ઉદ્યોગો માટે પણ અત્યંત લાભદાયક સાબિત થશે. ખેડૂતોને પોતાના ઉત્પાદનોને મોટા બજારો સુધી પહોંચાડવામાં સુવિધા મળશે, તેમજ વ્યાપારી પ્રવૃત્તિઓને પણ નવી ગતિ મળશે. સાથે સાથે, આ રેલ ખંડ પ્રાદેશિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપતાં રોજગારના અવસરોમાં વધારો કરવામાં સહાયક બનશે. મલ્ટીમોડલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવાની દિશામાં આ પ્રોજેક્ટ એક મહત્વપૂર્ણ પગલું છે, જેનો હેતુ લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવો તથા રાજ્યના લોજિસ્ટિક્સ પરફોર્મન્સ ઈન્ડેક્સમાં સુધારો લાવવાનો છે.

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ ખંડ પર અત્યાર સુધી માલગાડીઓનું સંચાલન કરવામાં આવી રહ્યું હતું. હવે યાત્રી રેલ સેવાઓ શરૂ કરવાનો હેતુ રાખીને બેચરાજી–રણુજ રેલ ખંડનું બ્રોડગેજ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે અને સીઆરએસ (Commissioner of Railway Safety) નિરીક્ષણ માટે પ્રસ્તાવ મોકલી આપવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે નિરીક્ષણ પૂર્ણ થયા બાદ આ ખંડ પર યાત્રી રેલ સેવાઓનું સંચાલન શરૂ કરવામાં આવશે, જેના કારણે વિસ્તારના મુસાફરોને સુરક્ષિત, સરળ અને સમયબદ્ધ મુસાફરી સુવિધા પ્રાપ્ત થશે.

આ સંદર્ભમાં મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં મંડળ રેલ પ્રબંધક કાર્યાલય ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં Director G-RIDE શ્રી રાજકુમાર, જી.એમ. (સિવિલ) શ્રી શિવેન્દ્ર કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક (ઈન્ફ્રા) શ્રીમતી મંજુ મીના, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અનુ ત્યાગી, વરિષ્ઠ મંડળ પરિચાલન પ્રબંધક ડૉ. જેનિયા ગુપ્તા તથા વરિષ્ઠ મંડળ અભિયંતા (સમન્વય) શ્રી વૈભવ સકલેચા ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન મહેસાણા લોકસભા ક્ષેત્રના માનનીય સાંસદ શ્રી હરિભાઈ પટેલ સાથે દૂરભાષ દ્વારા વિગતવાર ચર્ચા કરવામાં આવી, જેમાં તેમને બેચરાજી–રણુજ રેલ ખંડના સીઆરએસ નિરીક્ષણ માટે મોકલવામાં આવેલ પ્રસ્તાવ, વર્તમાન પ્રગતિ તેમજ આવનારી યાત્રી સેવાઓના સંચાલન સંબંધિત માહિતીથી અવગત કરવામાં આવ્યા. સાથે સાથે, આ રેલ ખંડના વિદ્યુતીકરણ (Electrification) માટે પણ મંજૂરી આપવામાં આવી હોવાનું જણાવાયું, જેના કારણે ભવિષ્યમાં આ માર્ગ પર વધુ ઝડપી, પર્યાવરણ-અનુકૂળ તથા ઊર્જા કાર્યક્ષમ રેલ સંચાલન સુનિશ્ચિત થઈ શકશે.

અમદાવાદ મંડળ દ્વારા આ પ્રોજેક્ટને ઉચ્ચ ગુણવત્તાના ધોરણો અને નિર્ધારિત સમય-મર્યાદામાં પૂર્ણ કરવામાં આવ્યો છે.

આ પહેલ ભારતીય રેલવેની યાત્રી-કેન્દ્રિત, આધુનિક અને વિકાસમુખી કાર્યપદ્ધતિને દર્શાવે છે. આ રેલ ખંડ શરૂ થવાથી પ્રાદેશિક કનેક્ટિવિટી મજબૂત બનશે તેમજ ઉત્તર ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસને નવી દિશા મળશે.

## તણાવ ઘટાડવામાં અસરદાર ભૂમિકા ભજવવા ભારત સક્ષમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં વધી રહેલા યુદ્ધના જોખમ વચ્ચે ઈરાને ભારત પર મોટો ભરોસો જતાવ્યો છે. ઈરાનનું માનવું છે કે, ભારત એક એવો દેશ છે જે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા વિવાદમાં મધ્યસ્થી કરી તણાવ ઓછો કરાવી શકે છે. ભારતની બેલેન્સ્ડ વિદેશ નીતિને કારણે ઈરાને તેને એક પ્રભાવશાળી ખેલાડી ગણાવ્યો છે. ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતાલીએ ભારતની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ભારત ગ્લોબલ સાઉથનો અગ્રણી દેશ છે અને તેની વિદેશ નીતિ હંમેશા સંતુલિત રહી છે. ભારતના તમામ પક્ષો અમેરિકા અને ઈરાન બંને સાથે વ્યૂહાત્મક સંબંધો છે, જે તેને ગેરસમજ દૂર કરવા માટે એક ભરોસાપાત્ર પક્ષ બનાવે છે. ભારત મધ્યસ્થી દ્વારા રાજદ્વારી રસ્તાઓ મજબૂત કરવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ટેલિફોનિક વાતચીત થઈ હતી. ભારત સરકારે સર્વપક્ષીય બેઠકમાં જણાવ્યું હતું કે,ૅર મોદીએ ટ્રમ્પ સાથેની ચર્ચામાં ભાર મૂક્યો છે કે પશ્ચિમ એશિયામાં યુદ્ધ જલ્દી ખતમ થવું જોઈએ, કારણ કે આ યુદ્ધથી સમગ્ર વિશ્વને નુકસાન થઈ રહ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે મિડલ ઈસ્ટ સંકટ પર બોલાવવામાં આવેલી બેઠકમાં પાકિસ્તાન પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, અમે કોઈ દલાલ રાષ્ટ્ર નથી. પાકિસ્તાનના મધ્યસ્થતાના પ્રયાસોમાં કંઈ નવું નથી, અમેરિકા ૧૯૮૧થી તેનો ઉપયોગ કરી રહ્યું છે. એક તરફ ભારત શાંતિની અપીલ કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ ઈરાને અમેરિકાના યુદ્ધવિરામ પ્રસ્તાવને ફગાવી દીધો છે.

### યુદ્ધ વચ્ચે ઈઝરાયલનો મોટો દાવો

## હોર્મુઝ બંધ કરનાર ઈરાનના નૌસેના કમાન્ડરને મોતને ઘાટ ઉતારાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ વધુ ગંભીર રુપ લઈ રહ્યું છે. એક ઈઝરાયલી અધિકારીએ જણાવ્યું હતું કે દક્ષિણ ઈરાનમાં થયેલા હુમલામાં ઈરાનના વિશિષ્ટ નૌસૈનિક દળના કમાન્ડર અલીરેઝા તંગસિરીનું એક હુમલામાં મોત થયું છે. ઈરાનના શક્તિશાળી ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના નૌસૈનિક વિંગના પ્રમુખ તંગસિરીનું મોત પોર્ટ શહેર બંદર અબ્બાસમાં થયેલા હુમલામાં થયું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે કમોડોર તંગસિરી હોર્મુઝ સ્ટ્રેટના બંધ થવાની દેખરેખ માટે જવાબદાર હતા. આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર ઈરાનના નિયંત્રણથી મધ્ય પૂર્વમાંથી તેલ અને ગેસનો પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. જો આ હુમલાની પુષ્ટિ થાય છે તો તેને ઈરાનના લશ્કરી નેતૃત્વ માટે ખાસ કરીને તેની નૌકાદળ માટે મોટો ઝટકો માનવામાં આવશે. તે પર્સિયન ગલ્ફમાં તેની વ્યૂહાત્મક સ્થિતિને પણ અસર કરી શકે છે. તંગસિરીનો જન્મ દક્ષિણ ઈરાનના બુશેહર પ્રાંતમાં થયો હતો. તેમણે ઈરાન-ઈરાક યુદ્ધ અને ૧૯૮૦ ના દાયકાના "ટેન્કર વોર" દરમિયાન સેવા આપી હતી. ત્યારબાદ તેમણે IRGC નૌકાદળમાં સતત પ્રગતિ કરી. તેમણે બંદર અબ્બાસમાં નૌકાદળના પ્રથમ જિલ્લા કમાન્ડર અને ૨૦૧૦ થી ૨૦૧૮ સુધી ડેપ્યુટી કમાન્ડર તરીકે સેવા આપી હતી. ત્યારબાદ તેમને નૌકાદળના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

તંગસિરીનું મોત, ૨૮ ફેબ્રુઆરીથી શરુ થયેલા યુદ્ધ બાદ માર્યા ગયેલા વરિષ્ઠ ઈરાની અધિકારીની લાંબી યાદીમાં સામેલ થયું છે. આ દિવસે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર સંયુક્ત હુમલા શરૂ કર્યા હતા.

સંઘર્ષના પહેલા જ દિવસે, ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના મૃત્યુનો દાવો કરવામાં આવ્યો હતો, જે સૌથી મોટું નુકસાન માનવામાં આવે છે. આ પછી, ઈરાનના રાજકીય અને લશ્કરી નેતૃત્વ પર સતત હુમલાઓ થઈ રહ્યા છે.૧૭ માર્ચના રોજ તેહરાનની બહાર ઈઝરાયલી હુમલામાં વરિષ્ઠ નેતા અલી લારિજાનીનું મૃત્યુ થયું હતું, જેમાં તેમના પરિવારના સભ્યો પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે. થોડા દિવસો પછી, રિવોલ્યુશનરી ગાર્ડના પ્રવક્તા અલી મોહમ્મદ નૈની પણ યુએસ-ઈઝરાયલી સંયુક્ત હુમલામાં માર્યા ગયા હતા. યુદ્ધ છતાં ઈરાનની મિસાઈલ ઉત્પાદન ક્ષમતા સંપૂર્ણપણે અકબંધ રહી હોવાનું કહીને ટેલિવિઝન પર દેખાયા તેના થોડા કલાકો પછી જ તેમનું મૃત્યુ થયું.

### રશિયનો પોતાની ઘરેલુ માંગને પહોંચી વળવા નિર્ણય

## રશિયાનો અમોનિયમ નાઈટ્રેટની નિકાસ પર એક મહિના માટે પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતાં તણાવને કારણે વૈશ્વિક એનર્જી સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આ સંકટ વચ્ચે ભારતના પરમ મિત્ર ગણાતા રશિયાએ પણ એક પછી એક બે મોટા ઝટકા આપ્યા છે. રશિયાએ ખાતરની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની સાથે જ ભારતને ક્રૂડ ઓઈલ પર મળતી રાહત પણ નાબૂદ કરી દીધી છે.

ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ (હોર્મુઝની સામુદ્રધુની) બંધ કરીને સમગ્ર વિશ્વને સંકટમાં નાખી દીધું છે. આ રસ્તો બંધ થવાથી એલપીજી (LPG) અને ક્રૂડ ઓઈલના જહાજોની અવરજવર અટકી ગઈ છે. ભારત પોતાની જરૂરિયાતનું ૮૫% ક્રૂડ ઓઈલ અને ૬૦% એલપીજી આયાત કરે છે. જોકે, ભારતની કુનેહપૂર્વકની રણનીતિને કારણે ઈરાન સાથે વાતચીત કરીને પોતાના કેટલાક જહાજો સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળ રહ્યું છે.

રશિયાએ પોતાની ઘરેલુ માંગને પહોંચી વળવા માટે અમોનિયમ નાઈટ્રેટ(ખાતર)ની નિકાસ પર એક મહિના માટે પ્રતિબંધ લગાવી દીધો છે. આ નિર્ણય ૨૧ માર્ચથી ૨૧ એપ્રિલ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ખાતર આયાત કરે છે. રશિયા વિશ્વના અમોનિયમ નાઈટ્રેટના વેપાર પર ૪૦% નિયંત્રણ ધરાવે છે. વસંત ઋતુમાં વાવણીના સમયે જ આ નિર્ણય લેવાતા ખેતી ક્ષેત્રે મુશ્કેલી ઊભી થઈ શકે છે. યુક્રેન સાથેના યુદ્ધમાં રશિયાના 'એક્રોન' પ્લાન્ટને થયેલા નુકસાનને કારણે ઉત્પાદન ઘટ્યું છે, જે મે-જૂન સુધીમાં ફરી શરૂ થવાની શક્યતા છે. અત્યાર સુધી અમેરિકી પ્રતિબંધો વચ્ચે રશિયા ભારતને (કાચા તેલ) ક્રૂડ ઓઈલ પર જે મોટી છૂટ આપતું હતું, તે હવે બંધ કરી દેવામાં આવી છે. ભારતીય રિફાઈનરીઓને હવે બ્રેન્ટ ક્રૂડ પર પ્રતિ બેરલ ૪થી ૫ ડૉલરનું પ્રીમિયમ ચૂકવવું પડી રહ્યું છે. એપ્રિલ મહિના માટે ભારતે રશિયા પાસેથી ૬૦ મિલિયન બેરલ તેલ ખરીદ્યું છે, પરંતુ રશિયાએ તેના પર ડિસ્કાઉન્ટ આપવાને બદલે વધારાનો ચાર્જ વસૂલવાનું શરૂ કર્યું છે.

હોર્મુઝનો રસ્તો બંધ થવાથી અમોનિયમ નાઈટ્રેટનો ૨૪% વૈશ્વિક વેપાર પહેલેથી જ પ્રભાવિત છે. જો આ યુદ્ધ લાંબુ ખેંચાય અને રશિયાના પ્રતિબંધો ચાલુ રહે, તો ભારતમાં મોંઘવારી વધવાની સાથે ઊર્જા સંકટ પણ ઘેરું બની શકે છે. મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક એનર્જી સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે.

આ સંકટ વચ્ચે ભારતના પરમ મિત્ર ગણાતા રશિયાએ પણ એક પછી એક બે મોટા ઝટકા આપ્યા છે. રશિયાએ ખાતરની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની સાથે જ ભારતને ક્રૂડ ઓઈલ પર મળતી રાહત પણ નાબૂદ કરી દીધી છે.

### ઈરાનના વિદેશમંત્રીનું મોટું નિવેદન

# ભારત સહિત ૫ મિત્ર દેશના જહાજો હોર્મુઝમાંથી પસાર થઈ રહ્યા છે

### ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ કર્યું છે કે રણનીતિક રીતે અતિ મહત્વનો એવા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને સંપૂર્ણ રીતે બંધ કરાયો નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધ વચ્ચે ઈરાને એક વ્યૂહાત્મક જાહેરાત કરી છે. ઈરાનના વિદેશ મંત્રી અરાઘચીએ સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝની સામુદ્રધુની માત્ર દુશ્મન દેશો અને તેમના સહયોગીઓ માટે જ બંધ છે. ભારત, ચીન, રશિયા, ઈરાક અને પાકિસ્તાન જેવા દેશોના જહાજોને આ મહત્ત્વપૂર્ણ જળમાર્ગ પરથી સુરક્ષિત પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે. અરાઘચીએ સરકારી ટેલિવિઝન પર આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "અમે યુદ્ધની સ્થિતિમાં છીએ, તેથી દુશ્મન દેશોના જહાજોને પસાર થવા દેવાનું કોઈ કારણ નથી. પરંતુ જે દેશોને અમે મિત્ર માનીએ છીએ, તેમની વિનંતી પર અમારી સેનાએ સુરક્ષિત માર્ગ પૂરો પાડ્યો છે." તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે ભારતના બે જહાજો થોડા દિવસો પહેલા જ આ માર્ગ પરથી સુરક્ષિત પસાર થયા હતા. આ ઉપરાંત ચીન, રશિયા, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોએ પણ ઈરાન સાથે સંપર્ક સાધીને આર્થિક પરિવહન ચાલુ રાખવા માટે તાલમેલ સાધ્યો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓથી વિપરીત, ઈરાને ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા સાથે કોઈ ઔપચારિક વાતચીત થઈ રહી નથી. અરાઘચીએ બેટૂક શબ્દોમાં કહ્યું કે, "બેકચેનલથી સંદેશાની આપ-લે કરવી એ ડિપ્લોમેસી કે વાટાઘાટો નથી. વોશિંગ્ટન અલગ-અલગ માધ્યમોથી સંદેશા મોકલી રહ્યું છે, પરંતુ તેહરાન તેને ઔપચારિક વાર્તા માનતું નથી."



તેમણે વધુમાં ઉમેર્યું કે અમેરિકા આ સંઘર્ષમાં પોતાના લક્ષ્યો હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું છે.

ઈરાને પોતાની શક્તિનું પ્રદર્શન કરતા કહ્યું છે કે તેઓ યુદ્ધને લાંબુ ખેંચવા માંગતા નથી, પરંતુ આ સંઘર્ષનો કાયમી અંત માત્ર ઈરાનની શરતો પર જ આવશે. ઈરાનની મુખ્ય શરતોમાં ભવિષ્યમાં હુમલા ન કરવાની ગેરંટી અને યુદ્ધમાં થયેલા નુકસાનની ભરપાઈનો સમાવેશ થાય છે. હોર્મુઝ પર નિયંત્રણ જાળવી રાખીને ઈરાને સાબિત કરી દીધું છે કે વિશ્વના તેલ અને ગેસ સપ્લાયની કમાન તેમના હાથમાં છે. જ્યારથી અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલા કર્યા અને ભીષણ યુદ્ધ છેડાયું ત્યારથી મિડલ ઈસ્ટમાં તણાવ પ્રસર્યો છે. આ યુદ્ધની અસર અનેક દેશો સુધી પહોંચી છે.

ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી જહાજોને પસાર થતા અટકાવી દીધી. જેને પગલે વિશ્વભરમાં પેટ્રોલ ડીઝલ, ગેસ અને અન્ય વસ્તુઓ માટે પડકારજનક સ્થિતિ જોવા મળી રહી છે. પરંતુ આ બધા વચ્ચે ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ ભારતને રાહત મળે તેવું મોટું નિવેદન આપ્યું છે.

ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ કર્યું છે કે રણનીતિક રીતે અતિ મહત્વનો એવા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને સંપૂર્ણ રીતે બંધ કરાયો નથી. તેમણે ભારત સહિત પાંચ મિત્ર દેશોના જહાજોને સુરક્ષિત રસ્તો આપવાનું એલાન પણ કર્યું. અરાઘચીના જણાવ્યાં મુજબ ભારત, ચીન, રશિયા, ઈરાક અને પાકિસ્તાનના જહાજોને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થવા દેવાયા છે.

તેમણે જણાવ્યું કે આ દેશોએ ઈરાનનો સંપર્ક કરીને સુરક્ષિત માર્ગની માંગણી કરી હતી. ત્યારબાદ સમન્વય દ્વારા તેમને મંજૂરી અપાઈ. હોર્મુઝ ફક્ત દુશ્મન દેશો માટે જ બંધ છે. પરંતુ અન્ય દેશો માટે ખુલ્લો છે. અરાઘચીએ કહ્યું કે અમે યુદ્ધની સ્થિતિમાં છીએ. આથી અમારા દુશ્મનો અને તેમના સહયોગીઓના જહાજોને પસાર થવા દેવાનું કોઈ કારણ બનતું નથી.

# ઈરાનમાં યુદ્ધ વચ્ચે લેબેનૉનમાં નવું ગાઝા બનાવી રહ્યું છે ઈઝરાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)લેબેનોન

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના તણાવની વચ્ચે, મધ્ય પૂર્વમાં યુદ્ધની જ્વાળા હવે લેબેનૉનને પણ લપેટમાં લઈ રહી છે. ઈઝરાયલ અને ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહ વચ્ચેનો સંઘર્ષ હવે એક ભયાનક વળાંક લઈ રહ્યો છે. લેબેનૉનના દક્ષિણ ભાગમાં ઈઝરાયલના તાજેતરના હુમલાઓએ એવી સ્થિતિ સર્જી છે કે, લોકો તેને નવું ગાઝા બનાવવાનો પ્રયાસ ગણાવી રહ્યા છે. આ માત્ર લશ્કરી સંઘર્ષ નથી, પરંતુ જમીન, વસ્તી અને ઓળખને કાયમ માટે બદલી નાખવાની એક સુનિયોજિત રણનીતિ હોય તેવું લાગી રહ્યું છે.

છેલ્લા કેટલાક અઠવાડિયામાં લેબેનૉનની જે તસ્વીર સામે આવી છે, તે અત્યંત વિચલિત કરનારી છે. અત્યાર સુધીમાં અંદાજે ૧૧૦૦ લોકોના મોત થયા છે. ૧૨ લાખથી વધુ લોકોને પોતાનું ઘર છોડીને ભાગવાની ફરજ પડી છે. દક્ષિણ લેબેનૉનના અનેક ગામો હવે સંપૂર્ણપણે ખાલી થઈ ગયા છે. જ્યાં ક્યારેક ખેતરોમાં કામ થતું હતું અને શેરીઓમાં બાળકોનો અવાજ ગુંજતો હતો, ત્યાં હવે માત્ર તૂટેલી દીવાલો, કાટમાળના ઢગલા અને અશુભ સન્નાટો છે.

ઘણા વિશ્લેષકો માને છે કે, ઈઝરાયલ ગાઝામાં અપનાવેલી રણનીતિ જ લેબેનૉનમાં દોહરાવી રહ્યું છે. આ પેટર્ન કંઈક એવી છે કે, પહેલા વિસ્તાર પર ભીષણ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. લોકોને વિસ્તાર ખાલી કરવા માટે અલ્ટીમેટમ આપવું છે. તે જગ્યાને એવી હાલતમાં છોડી દેવી કે લોકો ઈચ્છે તો પણ ક્યારેય પાછા ન ફરી શકે. હાલમાં દક્ષિણ લેબેનૉન આ રણનીતિનું કેન્દ્ર છે. બિંત જબૈલ, મરજાયૂન, હસબાયા, નબાતિયેહ અને ટાયર (સૌર) જેવા ઈઝરાયલી સરહદની નજીકના વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. લિતાની નદીથી લઈને ઝહરાની નદી સુધીનો મોટો હિસ્સો (જે લેબેનૉનના કુલ વિસ્તારના આશરે ૧૪ % છે) ખાલી કરાવવામાં આવી રહ્યો છે. આ સંકેત આપે છે કે ઈઝરાયલ આખા વિસ્તારને એક બફર ઝોનમાં ફેરવવા માંગે છે. આ વિસ્તાર ક્યારેય ખાલી નહોતો. અહીં મુખ્યત્વે શિયા મુસ્લિમ સમુદાય વસતો હતો, જ્યાં હિઝબુલ્લાહ અને અમલ મૂવમેન્ટનો પ્રભાવ છે. આ ઉપરાંત, ખ્રિસ્તી સમુદાય અને સૈદા નજીકના કેમ્પોમાં પેલેસ્ટાઈની શરણાર્થીઓ પણ દાયકાઓથી રહેતા હતા. અહીં રહેતા લોકો ખેડૂતો, નાના દુકાનદારો, શિક્ષકો અને આરોગ્ય કર્મચારીઓ હતા. આ એક જીવંત સામાજિક અને આર્થિક કેન્દ્ર હતું, જે હવે યુદ્ધની સૌથી મોટી કિંમત ચૂકવી રહ્યું છે.

સૌથી મોટી ત્રાસદાયી એ છે કે જે લોકો ૨૦૨૩-૨૪ના સંઘર્ષમાં પહેલેથી જ વિસ્થાપિત થયા હતા અને માંડ પાછા ફર્યા હતા, તેઓ ફરીથી બેઘર થયા છે. આજે હજારો લોકો શાળાઓ, તૂટેલી ઈમારતો અને અસ્થાયી કેમ્પોમાં, અથવા ખુલ્લા આકાશ નીચે રાત વિતાવવા મજબૂર છે. ગાઝાની જેમ, અહીં પણ ઈઝરાયલે જેને સેફ ઝોન જાહેર કર્યા હતા, ત્યાં પણ હુમલા થયા હોવાના અહેવાલો છે, જેનાથી લોકોમાં ડર અને અવિશ્વાસ વધુ ઊંડો થયો છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૩૧૭૫ અને ચાંદીના વાયદામાં રૂ.૧૪૦૯૦નો કડાકો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪૨૭નો ઉછાળો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૭૬૫.૪૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૧૦૭૧૪.૭૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૦૪૩.૬૯ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૮૪૮૦.૧૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૭૬૫.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૧૦૭૧૪.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૭૯૮.૨૪ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૬૦૪૩.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૧૪૩૩ અને નીચામાં રૂ.૧૩૯૮૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૪૦૯૭ના આગલા બંધ સામે રૂ.૩૧૭૫ ઘટી રૂ.૧૪૦૯૨૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૪૫૦ ઘટી રૂ.૧૧૩૨૧૭ના ભાવે બોલાયો હતો.

ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૯૪ ઘટી રૂ.૧૪૧૭૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૪૧ ઘટી રૂ.૧૪૦૮૯૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧૦૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૧૭૭૭ અને નીચામાં રૂ.૧૪૦૪૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૪૦૩૬ના આગલા બંધ સામે રૂ.૩૪૩૫ ઘટી રૂ.૧૪૦૬૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૨૫૪૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૨૫૪૪૧ અને નીચામાં રૂ.૨૨૦૭૪૪ના મથાળે અથડાઈ, રૂ.૨૩૪૮૩૪ના આગલા બંધ સામે રૂ.૧૪૦૯૦ ઘટી રૂ.૨૨૦૭૪૪ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૪૧૩૫ ઘટી રૂ.૨૨૪૫૦૦ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૪૨૨૬ ઘટી રૂ.૨૨૪૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૬૨૦.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૭.૧ ઘટી રૂ.૧૧૨૧.૧ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૬૫ વધી રૂ.૩૧૦.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૧.૯ વધી રૂ.૩૩૪.૬૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૧.૬૫ ઘટી રૂ.૧૯૧.૮ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૮૧૧.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૦૬ અને નીચામાં રૂ.૩૯૨૦ના મથાળે અથડાઈ, રૂ.૪૪ ઘટી રૂ.૩૯૬૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૮૮૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૯૪૪ અને નીચામાં રૂ.૮૮૩૮ના મથાળે અથડાઈ, રૂ.૮૪૯૯ના આગલા બંધ સામે રૂ.૪૨૭ વધી રૂ.૮૯૨૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૪૨૯ વધી રૂ.૮૯૨૯ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ ૩૦ પૈસા વધી રૂ.૨૭૭.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો ૫૦ પૈસા વધી રૂ.૨૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૪૭૬.૩૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૫૬૭.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૩૧.૮૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૭.૮૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧.૫૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૫૯.૫૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૫૯.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪૯.૫૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૫૮૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૬૩૯૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૮૫૦૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૭૮૪૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૪૭૨૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૮૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૭૪૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૧૦૩૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૯૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૬૩૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૧૫૬ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૩ વધી રૂ.૮૩૪.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા વધી રૂ.૧૯.૭ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨૫ ઘટી રૂ.૩૯૩૦ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૩૫૬.૫ ઘટી રૂ.૨૬૧.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૫ ઘટી રૂ.૧૬.૩ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૮.૫૫ વધી રૂ.૮૪૪.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા વધી રૂ.૨૦.૧૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૩.૫ ઘટી રૂ.૧૫.૫ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૨૬૪ ઘટી રૂ.૭૭૨.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૩.૨ ઘટી રૂ.૧૩૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા ઘટી રૂ.૧૭ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૮.૫ વધી રૂ.૧૭૮૧ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૩.૫ વધી રૂ.૬૫૩ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૩૧ વધી રૂ.૨૦.૪૫ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૮૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨૦.૩ ઘટી રૂ.૭૭૭.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા ઘટી રૂ.૨૦.૦૫ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૫.૫ વધી રૂ.૫૬૪.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૩૫ વધી રૂ.૧૧૯૦ થયો હતો.

# સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કેશરપુરા ગામે ૧૫ લાખના ચશ્માએ ગામ ગજવ્યું : પહેરતા જ સામેની વ્યકિત દેખાઈ છે નિર્વસ્ત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કેશરપુરા ગામે ૧૫ લાખ ના જાદુઈ ચશ્માનો ખેલ બહાર આવ્યો છે. મિત્ર એ જ મિત્રને નગ્ન જોવાની લાલચ આપી લાખો માં નવડાવ્યો છે, એન્ટિક ચશ્મા પહેર્યા બાદ સામેના વ્યકિતને સંપૂર્ણ નગ્ન જોઈ શકાય છે, આ પ્રકારે રોકાણકારોને વિશ્વાસમાં લઈને લાખો રૂપીયાનુ રોકાણ કરવામાં આવી રહ્યુ છે. રોકાણકારો દ્વારા ચશ્માની ખરીદી માટે આપવામાં આવેલા નાણાં કેશરપુરાનો યાસીન છેતરપીંડી કરી ભુગર્ભમાં ઉતરી ગયો છે. સાબરકાંઠા જિલ્લામાં અંધશ્રધ્ધા અને લાલચના નામે છેતરપીંડી ના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. હવે ઈડર તાલુકાના કેશરપુરા પંથકમાં જાદુઈ ચશ્માનો એક અજીબો ગરીબ ખેલ બહાર આવ્યો છે. જેમાં એક શખ્સે પોતાના જ મિત્રને ૧૫ લાખ રૂપીયાનો ચુનો લગાવ્યો, ઈડર તાલુકાના કેશરપુરાના રહેવાસી અને વ્યવસાયે ડોકટર તરીકે ઓળખાણ આપનાર યાસીન નામના શખ્સે તેના



જ જુના મિત્રને એન્ટિક જાદુઈ ચશ્માની લાલચ આપી હતી. આ ચશ્માની ખાસીયત એવી બતાવવામાં આવી હતી કે તે પહેર્યા બાદ સામેની વ્યકિત ૪૦ ફુટના અંતરે હોવા છતાં નગ્ન દેખાય છે. આ અજીબો ગરીબ દાવા સાથે યાસીને તેના મિત્રને પાલનપુર લઈ જઈ વિશ્વાસમાં લીધો અને આ એન્ટિક બિઝનેશમાં મોટો નફો થશે તેવી ખાત્રી આપી હતી. ૧૫ લાખનુ રોકાણ અને છેતરપીંડી નો ભોગ બનનારના જણાવ્યા અનુસાર ડોકટર યાસીને તેને વિશ્વાસમાં લઈને એન્ટિક ચશ્માના સોદા પેટે ૧૫ લાખ રૂપીયા પડાવી લીધા હતા. જો કે લાખો રૂપીયા આપ્યા બાદ પણ આ જ દીન સુધી ચશ્માની ડીલીવરી આપવામાં આવી નથી, અંતે ભોગ બનનારે પોતાના પૈસા પાછા માંગ્યા ત્યારે ડોકટરે વાયદાઓ કરી હાથ ઉંચા કરી લીધા હતા. પીડીત દ્વારા આ મામલે ઈડર અને જાદર પોલીસ મથકે રજુઆતો કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કોઈ નકકર પરીણામ મળ્યુ નથી.

રોકાણકારે પોલીસ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. પીડીતનુ કહેવુ છે કે પોલીસમાં રજુઆતો કરી તેમ છતાં પરીણામ મળ્યુ નથી. મને શંકા છે કે પોલીસ આરોપી સાથે સેટીંગ કરી રહી છે.

# અમદાવાદમાં નિવૃત્ત પીઆઈનો આપઘાત: પુત્રએ પિતાને માર્યો માર સાળીએ આપ્યો સાથ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના સોલા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના બનવા પામી છે. જેમાં કાયદો અને વ્યવસ્થા જાળવનારા એક નિવૃત્ત પોલીસ અધિકારીએ પોતાના જ પરીવારના ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો છે. વર્ષ ૨૦૨૦ માં નિવૃત્ત થયેલા હથિયારધારી પોલીસ ઈન્સ્પેકટર જયંતિભાઈ પરમારે પત્ની, પુત્ર અને સાળીના અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસના કારણે ઝેરી દવા ગટગટાવી પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. આ મામલે સોલા પોલીસ સ્ટેશન માં ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.




પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ જયંતિભાઈ પરમાર લાંબા સમય સુધી પોલીસ વિભાગમાં સેવા આપી વર્ષ ૨૦૨૦ માં નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ પછીનુ જીવન શાંતિથી પસાર કરવાને બદલે તેમના માટે સંઘર્ષમય બની ગયુ હતું. આક્ષેપ છે કે નિવૃત્ત થયા બાદ તેમની પત્ની, પુત્ર અને સાળી તેમને અવાર નવાર શારીરિક, માનસિક રીતે ટોર્ચર કરતા હતા. જયંતિભાઈ હવે કોઈ કામના રહ્યા નથી અને ઘરમાં તેમની જરૂર નથી તેવા મહેણાં-ટોણા મારી તેમને ઘરની બહાર કાઢી મુકવા માટે દબાણ કરવામાં આવતુ હતું.

આ કરૂણ ઘટનામાં સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે મૃતક પીઆઈના પુત્ર દ્વારા પિતા પર શારીરિક હુમલા પણ કરવામાં આવતા હતા. પોલીસ ફરીયાદમાં જણાવ્યા મુજબ પુત્ર અવારનવાર દારૂના નશામાં ઘરે આવી પિતા સાથે ઝઘડો કરતો અને તેમને માર મારતો હતો. આ ઘરકંકાસમાં પત્ની ની બહેન એટલે કે મૃતકની સાળી પણ આગમાં ઘી હોમવાનુ કામ કરતી અને જયંતિભાઈને માનસિક રીતે હેરાન કરવામાં સાથ આપતી હતી.

પરીવારના સભ્યો ના સતત ત્રાસ અને અપમાન થી કંટાળીને આખરે નિવૃત્ત પીઆઈ એ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમનુ સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું. હાલમાં સોલા પોલીસે મૃતકની પત્ની, પુત્ર અને સાળી વિરૂધ્ધ આપઘાત માટે દુષ્પ્રેરણા નો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એક સમયે ગુન્હેગારોમાં જેનો ખૌફ હતો તેવા અધિકારીએ ઘરના સભ્યો સામે ઘુંટણ ટેકવા પડયા તે બાબતે પોલીસબેડામાં પણ અરેરાટી ફેલાવી દીધી છે.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ભાજપની સ્થાનિક સ્વરાજયની ચુંટણી અંતર્ગત બેઠક યોજાઈ: પ્રદેશ ભાજપ ચુંટણી સંયોજક ગોરધન ઝડફીયાની અધ્યક્ષતામાં યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અંતર્ગત પ્રદેશના પુર્વ ઉપપ્રમુખ અને પૂર્વ ગૃહમંત્રી તેમજ સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પ્રદેશ સંયોજક ગોરધન ઝડફીયાની અધ્યક્ષતામાં સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે જિલ્લા ભાજપ દ્વારા જિલ્લાના હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અપેક્ષિત હોદ્દેદારોને માર્ગદર્શન આપતા ગોરધન ઝડફીયાએ જણાવ્યુ હતુ કે ભારતનુ સ્વર્ણિમ કાર્યકાળ ચાલી રહ્યુ છે. દેશમાં અનેક કામો દ્વારા સપના સાકાર થઈ રહ્યા છે. તમે વિચાર કરો ગુજરાતમાં અનેક વરસોથી આપણી સરકાર કાર્ય કરી રહી છે. લાખો કરોડો લોકોના આશીર્વાદ થી આ કાર્ય શકય બન્યુ છે. તેથી આ ચુંટણી હલકામાં ન લેતા, પહેલા ગુજરાતની સ્થિતિ કેવી હતી તમને ખબર છે, આજે વિરોધપક્ષ ટકી શકે તેમ નથી, ચુંટણીમાં જેને જવાબદારી મળે તે પોતાના મંડલ બહાર વિસ્તારમાં કામ કરે છે, પોતાના મનગમતા વિસ્તારમાં નહી, પાર્ટી સતત વહેતા પાણીની જેમ જીવંત રહેવી જોઈએ, આપણી મુડી આપણો કાર્યકર્તા છે, આપણા પરીવારની અને પરીવાર બધાને સાચવીને ચાલે, ગોરધન ઝડફીયાએ આગામી કાર્યક્રમો વિશે જણાવ્યુ હતુ કે આપણે મહાસંપર્ક અભિયાન શરૂ કરવાનુ છે.


૬ એપ્રિલ ભાજપના સ્થાપના દિવસે યુવા મોરચા દ્વારા વિશેષ પાર્ટીનો ધ્વજ લગાવી કાર્યક્રમ કરવાનો છે. જિલ્લા કાર્યાલય ખાતે કાર્યક્રમ કરવો જેમાં જનસંઘના કાર્યકર્તાઓનુ સન્માન કરવુ, સહિત મન કી બાત ના કાર્યક્રમમાં આ વખતે ઘરનુ ભોજન લઈ ટીફીન બેઠક કરવી, ચુંટણીલક્ષી વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ અને જિલ્લા સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલાએ જણાવ્યુ હતુ કે આપણે જે રીતે અગાઉની સ્થાનિક સ્વરાજયની ચુંટણી માં જિલ્લાએ શ્રેષ્ઠ પરીણામ લાવેલ તે જ રીતે આ ચુંટણીઓ બધી જ આપણે જીતવાની છે. તમે સૌ જવાબદાર હોદ્દેદારો, કાર્યકર્તાઓ ચુંટણી જાહેર થાય તે પહેલા આજ થી જ ચુંટણીના કામે લાગી જઈએ, પ્રદેશ અને જિલ્લામાંથી જે પણ સુચનાઓ, કાર્યક્રમ માટે આવે તેમાં કોઈપણ કાર્યકર્તા રજા પાડયા વગર નિષ્ઠાથી કામ કરે, ટીકીટ મળે કે ન મળે તેમાં ન પડી પાર્ટીની સુચના પ્રમાણે કામ કરીએ. દરેક કાર્યકર્તા સંપર્ક અભિયાનમાં જોડાય. જિલ્લા ચુંટણી સંયોજક તખતસિંહ હડીયોલે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૩ નગરપાલિકા હિંમતનગર, ઈડર અને વડાલી ૮ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં આપણે ફરીથી તમામ બેઠકોમાં ચુંટણી જીતવાની છે. હડીયોલે આગામી કાર્યક્રમો વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.



# ગુજરાતમાં ધારાસભ્યોની સંખ્યા ૧૮૨ થી વધીને ૨૭૩ થઈ જશે: લોકસભાના સાંસદોની સંખ્યા પણ વધશે

પ્રતિનિધિ,ગાંધીનગર

૨૦૨૯ ની લોકસભા ચુંટણી પહેલા દેશના રાજકીય નકશામાં મોટો ફેરફાર થઈ શકે છે. કેન્દ્ર સરકારનો ઉદેશ ૨૦૨૯ ની લોકસભા ચુંટણી પહેલા દેશભરમાં મહિલા અનામત લાગુ કરવાનો છે. એટલે કે રાજય વિધાનસભા થી લઈને લોકસભા સુધી યોજાનારી ચુંટણીમાં મહિલાઓને ૧/૩ અનામત મળશે.




આ પહેલા પરીસીમન થશે અને દેશભરમાં દરેક રાજયોમાં વિધાનસભા અને લોકસભાની સીટો વધી જશે. તેવામાં ગુજરાતમાં પણ ધારાસભ્યોની સંખ્યા વર્તમાન ૧૮૨ થી વધીને ૨૭૩ થઈ શકે છે.

કેન્દ્ર સરકાર મહિલા અનામત લાગુ કરશે તો તેની સીધી અસર ગુજરાત પર પણ થશે. ગુજરાતમાં વિધાનસભા બેઠકોના નવા પરીસીમન થશે. અને નવી બેઠકો પણ અસ્તિત્વમાં આવશે. વર્તમાનમાં ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા સીટો છે. જે વધીને ૨૭૩ સુધી પહોચી શકે છે, એટલે કે રાજયમાં ૯૦ જેટલી બેઠકો વધી જશે. પરીસીમન બાદ વર્તમાન વિધાનસભાની બેઠકોમાં મોટા ફેરફાર થશે. ઘણી નવી બેઠકો અસ્તિત્વમાં આવવાની સાથે ઘણી બેઠકોમાં નામ પણ બદલાઈ જશે, ગુજરાતમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે પણ બેઠકો અનામત છે. જો વિધાનસભાની બેઠકો વધીને ૨૭૩ થાય તો અનામત બેઠકોમાં ફેરફાર થઈ શકે છે. તો બીજી તરફ ગુજરાત વિધાનસભાની ૨૭૩ બેઠકોમાંથી ૧/૩ એટલે કે ૯૧ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. મહિલા અનામત લાગુ થયા બાદ ગુજરાત વિધાનસભામાં મહિલાઓનુ પ્રતિનિધિત્વ વધી જશે.

૧ મે ૧૯૬૦ ના વર્ષમાં જયારે ગુજરાતને મહારાષ્ટ્ર થી અલગ બનાવવામાં આવ્યુ ત્યારે રાજયમાં ૧૩૨ વિધાનસભા બેઠકો હતી. ત્યારબાદ ૧૯૬૨ માં ૧૫૪ બેઠકો થઈ અને ૧૯૬૭ માં ધારાસભ્યોની બેઠકો વધીને ૧૬૮ પહોચી હતી. ત્યારબાદ ૧૯૭૫ માં ગુજરાતમાં ૧૮૨ ધારાસભ્યોની સંખ્યા નકકી થઈ હતી. જે હજુ સુધી યથાવત છે, વિધાનસભાની બેઠકોમાં ફેરફાર થવાની સાથે ગુજરાતમાં રાજય સભાની સીટો પણ વધી જશે. વર્તમાનમાં ગુજરાતમાં ૧૧ વિધાનસભાની બેઠકો છે. જેમાં વધારો થશે, આ સિવાય ગુજરાતમાં વર્તમાન માં ૨૬ લોકસભા બેઠકો છે, જેની સંખ્યા વધીને ૩૯ થઈ જશે. ૨૦૨૯ માં જયારે લોકસભા ચુંટણી યોજાશે ત્યારે ગુજરાતમાં લોકસભા સાંસદોની સંખ્યા વધીને ૩૯ થઈ શકે છે. જેમાં ૧૩ જેટલી બેઠકો મહિલા સાંસદો માટે અનામત રહી શકે છે.

### રેલવે ટ્રેક પાર કરતી વખતે થતી દુર્ઘટનાઓ પર આ રેલ સબ વે થી રોક લગાવવામાં આવશે

# દેશભરમાં સુવિધાજનક સબ વે બનાવવા માટે રેલ મંત્રીએ આપ્યા નિર્દેશ

રેલવે ટ્રેક પાર કરતી વખતે થતી દુર્ઘટનાઓને હવે રેલવે મિશન મોડમાં રોકશે. સુવિધાજનક સબ વે બનાવી આ સુનિશ્ચિત કરવામાં આવશે. તેની વ્યાપક તૈયારીઓના ભાગરૂપે રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં સંબંધિત અધિકારીઓ સાથે વર્કશોપ યોજી હતી.

જ્યાં રેલવે ટ્રેક ની એક બાજુ વસાહત છે અને બીજી બાજુ ખેતર, શાળા, સ્મશાન અથવા અન્ય ઉપયોગી અને મહત્વપૂર્ણ સ્થળો છે, તેવા સ્થળોએ આ રેલવે સબ વે બનાવવામાં આવશે. રેલ મંત્રીએ દેશભરમાં આવા સબ વે બનાવવા માટે નિર્દેશ આપ્યો છે, જ્યાં રોજિંદા જીવનમાં મોટી સંખ્યામાં લોકો રેલવે ટ્રેક પાર કરે છે.

જીવનદાયી વિકલ્પ તરીકે ઉભરશે રેલવે સબ વે

રેલ મંત્રીએ અધિકારીઓને એવી સુવિધાજનક રેલવે સબ વે બનાવવાની સૂચના આપી કે જે રેલવે ટ્રેક પાર કરતા લોકો માટે જીવનદાયી વિકલ્પ બની શકે. આ સબ વે બનાવતી વખતે એ વાતનું ધ્યાન રાખવામાં આવશે કે સામાન્ય માણસ સાયકલ, મોટરસાયકલ તથા રોજગાર સંબંધિત અન્ય સામાન સાથે સરળતાથી પસાર થઈ શકે. આથી દેશભરમાં રેલવે ટ્રેક પાર કરતી વખતે થતી દુર્ઘટનાઓમાં ઘટાડો થશે. દેશની મોટી જનસંખ્યા માટે ભારતીય રેલના આ સબ વે આશીર્વાદ સમાન સાબિત થશે.

સુગમ અને સુરક્ષિત ડિઝાઈન

રેલ મંત્રીએ અધિકારીઓને આ મોટી સમસ્યાથી આગામી ૫-૬ વર્ષમાં મુક્તિ અપાવવા કહ્યું છે. આ સબ વે એવી રીતે બનાવવામાં આવશે કે રેલવે ટ્રેકની આરપાર તેનું નિર્માણ માત્ર ૧૨ કલાકમાં શક્ય બને.

રેલ મંત્રીએ કહ્યું કે ડિઝાઈન એવી હોવી જોઈએ કે લોકો તેને ઉપયોગમાં લેવા માટે સંકોચ થાય નહીં અને પાણી ભરાવાથી સબ વે પ્રભાવિત ન થાય. રેલવે સબ વે બનાવવાનો આ મહત્વપૂર્ણ નિર્ણય છેલ્લા ઘણા દિવસોથી અધિકારીઓ સાથે ચાલી રહેલી ચર્ચા-વિચારણાનું પરિણામ છે. રેલ મંત્રીએ માન્યું કે વ્યવસ્થા સંવેદનશીલ હોવી જોઈએ અને સામાન્ય માણસની સમસ્યાઓનો એવો ઉકેલ શોધવામાં આવે જે આવનારા ઘણા દાયકાઓ સુધી અસરકારક રહે.

# પત્નીએ ઘઉંની ગૂણમાં સંતાડેલા ૧૫ લાખના દાગીના વાળી ગૂણ પતિએ ભૂલથી વેચી તો મારી પણ ખરીદનારે દાગીના પાછા આપી પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડયુ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજના હળહળતા કળિયુગમાં સગા સંતાનો પ્રોપર્ટી, પૈસા અને દાગીના માટે સગા મા-બાપને ત્રાસ આપવાનું છોડતા નથી તો કેટલાક કિસ્સાઓમાં તો મોતને ઘાટ ઉતારવાના બનાવો પણ ન્યૂઝ ચેનલો અને અખબારોમાં ચમક્યા છે અને ચમકતા રહે છે.



ત્યારે લીમડામાં એક ડાળ મીઠી જેવો કિસ્સો રાજસ્થાનના ખેરવા ગામમાં બન્યો છે. આ વાત છે રાજસ્થાનના પાલી જિલ્લામાં ખેરવા ગામમાં અનાજના એક વેપારીએ ઈમાનદારીની મિસાલ રજૂ કરી હતી.તેણે ઘઉંની બોરીમાંથી માટે મળેલા ૧૫ લાખ રૂપિયાના ઘરેણા ખેડૂતને પાછા આપ્યા હતા. વાત એમ હતી કે ધીસારામ નામના ખેડૂતે ઘરમાં ઘઉંનો પાક લણીને એની ગૂણીઓ ભરી રાખી હતી. ઘરમાં કામ ચાલતું હોય ત્યારે બહારના લોકોની અવર-જવર વધુ હોવાથી ખેડૂત પત્નીએ ઘરમાં રહેલા ઘરેણા સુરક્ષિત રાખવા માટે ઘઉંની ગૂણીમાં એક ડબ્બો ભરીને મૂકી દીધા હતા.

જોકે એક દિવસ ધીસારામે પત્નીના જાણ બહાર એ ઘઉંની ગૂણીઓ કાઢીને નજીકના શહેરમાં જઈને અનાજના વેપારીને વેચી દીધી. ૫૦-૫૦ કિલો ની બે ગૂણી જ્યારે મંગુખાને ખરીદી ત્યારે તેને પણ અંદાજ ન હતો કે એમાંથી તેને આટલો મોટો દલ્લો મળશે. એ તો ૧૫ માર્ચે જ્યારે મંગુખાને લોટ દળવા માટે ઘઉં કાઢયા ત્યારે એમાંથી ટિફિનનો સ્ટીલ નો ડબ્બો નીકળ્યો તેને લાગ્યો કે પત્ની ડબ્બો ભૂલી ગઈ હશે એટલે તેણે પત્નીને પૂછ્યું ત્યારે મંગુખાનની પત્ની એ કહ્યું કે મને આવા કોઈ ટિફિનની ખબર નથી એટલે મંગુખાને ટિફિન ખોલ્યું જોયું તો અંદરથી સોનાના ઘરેણાં નીકળ્યા. જો આ પોતાની પત્નીના નથી તો ચોક્કસ પેલા ઘીસારામ ખેડૂતના જ હોઈ શકે. મંગુખાને જરાય લાલચ મનમાં લાવ્યા વિના ઘીસારામને ઘરેણા ભરેલો ડબ્બો પાછો આપ્યો. ઘીસારામ તેની પત્ની ગદગદ થઈ ગયા અને આખા ગામને આ વાતની નવાઈ લાગી એટલે જ કહેવાય છે કે પ્રામાણિકતા મરી પરવારી નથી. પરંતુ આજે પણ જીવંત છે.

# પેટ્રોલ-ડીઝલ થયુ મોંઘુ: ખાનગી કંપનીએ ઈંધણના ભાવ વધાર્યા: પેટ્રોલના ભાવમાં રૂ.૫ અને ડીઝલના ભાવ પ્રતિલીટર રૂ.૩ નો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર




પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા છે. ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ બાદ એલપીજી ગેસ સીલીન્ડર થી પરેશાન લોકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે. ખાનગી કંપની નાયરા એનર્જીએ પેટ્રોલ અને ડીઝલની કિંમત વધારી છે. પેટ્રોલ-ડીઝલના નવા ભાવ આજે ગુરૂવારથી લાગુ થઈ ગયા છે.

નાયરા એનર્જીએ ગુરૂવારે પેટ્રોલના ભાવમાં ૫ રૂપીયા પ્રતિલીટર અને ડીઝલના ભાવમાં ૩ રૂપીયા પ્રતિલીટરનો વધારો કર્યો છે. આ ભાવ વધારા સાથે નાયરા પેટ્રોલ પંપ પર પેટ્રોલની કિંમત ૧૦૫.૩૫ રૂપીયાથી વધીને ૧૧૦.૩૫ રૂપીયા પ્રતિલીટર થઈ છે. તો ડીઝલની કિંમત ૩ રૂપીયા વધીને ૯૪.૫૮ રૂપીયા પ્રતિલીટર થઈ છે, અત્રે જણાવી દઈએ કે ૨૮ ફેબ્રુઆરી એ ઈઝરાયેલે અમેરીકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયુ હતું ત્યારબાદ થી ક્રુડ ઓઈલના ભાવ લગભગ ૫૦ ટકા વધી ગયા છે.

વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઈલના ભાવ વધતા છતાં સરકારી ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલના ભાવ સ્થિર રાખ્યા હતા. જેના કારણે સરકારે ઓઈલ કંપનીઓ દબાણ અનુભવી રહી છે.

ખાનગી કંપનીઓએ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારતા હવે સરકારી ઓઈલ કંપનીઓએ પણ ઈંધણના ભાવમાં વધારો ઝીંકી શકે છે. સમાચાર એજન્સી પીટીઆઈએ બે સુત્રોને ટાંકીને જણાવ્યુ હતુ કે નાયરા એનર્જીએ ઈનપુટ ખર્ચ માં વધારાનો થોડો બોજ ગ્રાહકો પર ખસેડવાનો નિર્ણય કર્યો છે. નાયરા એનર્જી ભારતના કુલ ૧૦૨.૦૭૫ પેટ્રોલ પંપ માંથી ૬,૯૬૭ પેટ્રોલ પંપ નુ સંચાલન કરે છે.

# મંત્રીઓની નબળી કામગીરી બાદ અધિકારીઓ ધારાસભ્યોને ન ગાંઠતા હોવાને લઈ ભાજપની મુશ્કેલીમાં ઔર વધારોઃ ધારાસભ્યોની વિધાનસભાની કમિટીમાં ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયના મંત્રીઓની નબળી કામગીરીને લઈ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપને જીતવા માટે કપરા ચઢાંણ ચઢવા પડશે તેવી વાતો વહેતી થઈ છે. તો બીજી તરફ ભાજપની મુશ્કેલીમાં ઔર વધારો થયો છે. કારણ કે ધારાસભ્યોએ અધિકારીઓ ગાંઠતા ન હોવાની વિધાનસભાની કમિટીમાં ફરીયાદ કરતા ભાજપની મુશ્કેલીમાં વધારો થયો છે. કારણ કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ધારાસભ્યો કયા મોઢે વિસ્તારમાં મત લેવા જશે તે ભાજપ માટે ચર્ચાનો વિષય બન્યો છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં સનદી અધિકારીઓ અને નેતાઓ વચ્ચેનો ગજગ્રાહ ફરી એકવાર સપાટી પર આવ્યો છે. રાજયના જનપ્રતિનિધિઓ એટલે કે ધારાસભ્યોની રજુઆતોને અધિકારીઓ ઘોળીને પી જતા હોવાની ગંભીર ફરીયાદ ઉઠી છે. આ વખતે આ મામલો સીધો વિધાનસભાની કમિટી સુધી પહોચ્યો છે. જેણે વહિવટી તંત્રમાં ચાલતી આડોડાઈ સામે લાલ આંખ કરી છે. મળતી માહિતી મુજબ અનુસુચિત જાતિ કલ્યાણ સમિતિના તાજેતરના અહેવાલમાં આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ધારાસભ્યોએ સમિતિ સમક્ષ રજુઆત કરી છે કે ગાંધીનગરમાં બેઠેલા ઉચ્ચ અધિકારીઓ પ્રોટોકોલનુ પાલન કરતા નથી. જયારે પણ કોઈ લોક પ્રશ્ન કે વિકાસના કામ માટે ધારાસભ્ય અધિકારીનો સંપર્ક કરે છે ત્યારે તેમને યોગ્ય પ્રતિસાદ મળતો નથી.

ઘણીવાર ટેલીફોનીક વાતચીતમાં કે રૂબરૂ મુલાકાત માં પણ અધિકારીઓ ઉધ્ધતાઈભર્યુ વર્તન કરતા હોવાનુ બહાર આવ્યુ છે. વિધાનસભાની અનુસુચિત જાતિ કલ્યાણ સમિતિએ પોતાના રીપોર્ટમાં નોંધ્યુ છે કે લોકશાહીમાં ચુંટાયેલા પ્રતિનિધિઓનુ સન્માન અને તેમની રજુઆત સાંભળવી એ અધિકારીઓની નૈતિક અને કાયદાકીય ફરજ છે. જો ધારાસભ્યોના જ કામ ન થતા હોય અથવા તેમને સાંભળવામાં ન આવતા હોય તો સામાન્ય જનતાની હાલત શું હશે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. આ ફરીયાદ બાદ હવે સચિવાલયની કચેરીઓમાં ગણગણાટ શરૂ થયો છે. વિધાનસભાની કમિટીના રીપોર્ટમાં આ રીતે ઉલ્લેખ થવો તે બાબત સરકાર માટે પણ ચિંતાનો વિષય બની છે. આગામી દિવસોમાં આ મામલે સરકાર દ્વારા અધિકારીઓ માટે નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવે તેવી શકયતા છે.

# ગુજરાતમાં નશાબંધી વચ્ચે દારૂની ૩૩ હજાર પરમીટ અપાઈ: સૌથી વધુ અમદાવાદ અને બીજા ક્રમે સુરતમાં પરમીટ અપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ તેમ છતાં બહાર આવેલા આંકડા મુજબ રાજયમાં ૩૩ હજાર પરમીટ ધારકો છે. રાજયમાં દારૂની પરમીટ માં અમદાવાદ પ્રથમ અને સુરત બીજા ક્રમે છે.

રાજય વિધાનસભામાં રજુ કરવામાં આવેલા આંકડાઓ અનુસાર માત્ર અમદાવાદ માં જ ૧૪,૮૬૨ સક્રિય પરમીટ ધારકો છે. આ યાદીમાં સુરત બીજા ક્રમે છે, જયાં ૮,૬૨૨ લોકો પાસે પરમીટ છે. ૩,૭૫૪ પરમીટ ધારકો સાથે વડોદરા ત્રીજા ક્રમે છે. આણંદ માં ૧,૬૧૧ અને કચ્છ જિલ્લામાં ૧,૫૫૮ પરમીટ ધારકો છે.તો બીજી તરફ પાટણ જેવા જિલ્લાઓમાં માત્ર ૮૦ અને સાબરકાંઠા જિલ્લામાં ૮૯ પરમીટ ધારકો છે. નવસારીમાં ૧૬૪ અને ગીર સોમનાથમાં ૧૯૬ લોકો પાસે પરમીટ છે. છેલ્લા બે વરસમાં નવી પરમીટ આપવામાં પણ અમદાવાદ મોખરે રહ્યુ છે. જયાં ૧,૧૪૬ નવી પરમીટ આપવામાં આવી છે. જયારે સુરતમાં ૧,૨૫૧ અને વડોદરામાં ૪૫૩ નવી પરમીટ ઈસ્યુ કરવામાં આવી છે. રીન્યુઅલ ની વાત કરીએ તો અમદાવાદમાં સૌથી વધુ ૬,૯૮૮ પરમીટ રીન્યુ થઈ છે. જયારે સુરતમાં ૫,૮૦૮ અને વડોદરામાં ૧,૬૭૧ પરમીટ રીન્યુ કરવામાં આવી છે.

આ આંકડાઓમાં સૌથી ચોંકાવનારી બાબત રદ કરાયેલી પરમીટ ની સંખ્યા ઓછી છે. તમામ જિલ્લાઓ મળીને છેલ્લા બે વરસમાં માત્ર ૩૦ પરમીટ રદ કરવામાં આવી છે, જેમાંથી અમદાવાદમાં ૨૪ અને સુરતમાં માત્ર ૨ પરમીટ રદ થઈ છે. જયારે વડોદરામાં એકપણ પરમીટ રદ થઈ નથી. આ દર્શાવે છે કે એકવાર પરમીટ મળી ગયા પછી તે ભાગ્યે જ પાછી ખેંચવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભામાં થોડા દિવસ અગાઉ જમાલપુર-ખાડીયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ અમદાવાદ સીવીલમાં હેલ્થ લીકર પરમીટનો પ્રશ્ન પુછયો હતો. તેમણે પુછયુ હતું કે ૨૦/૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં અમદાવાદ સીવીલ માં હેલ્થ લીકર પરમીટ ની કેટલી ભલામણો આવી, તેમાંથી કેટલી ભલામણો મંજુર કરવામાં આવી અને કેટલી ભલામણો ના મંજુર કરવામાં આવી ? તેમનો પ્રશ્નનો જવાબ આપતા સરકારે જણાવ્યુ હતુ કે ૨૧/૧/૨૦૨૪ થી ૨૦/૧/૨૦૨૫ સુધી ૨૯૨ નવી અરજી, રીન્યુ માટેની ૨૯૨ અરજી મળી કુલ ૩,૨૫૯ અરજીઓ મળી હતી, જયારે ૨૧/૧/૨૦૨૫ થી ૨૦/૧/૨૦૨૬ માં ૯૫૬ નવી અરજી, રીન્યુ માટેની ૨,૯૫૫ અરજી મળી કુલ ૩,૯૧૧ અરજી મળી હતી. બે વરસમાં ૧,૨૪૮ નવી અરજી અને ૫,૯૨૨ રીન્યુ માટે મળી કુલ ૭,૧૭૦ અરજી મળી હતી. એક વરસમાં લીકર પરમીટ માટે અરજી કરતાની સંખ્યામાં ૩૦૦ ટકા થી વધુનો વધારો થયો હતો. જે પૈકી ૨૧/૧/૨૦૨૪ થી ૨૦/૧/૨૦૨૫ સુધીમાં ૨૭૮ નવી અરજી, ૨,૯૫૨ રીન્યુ અરજી મળી કુલ ૩,૨૩૦ અરજી મંજુર કરવામાં આવી હતી. જયારે ૨૧/૧/૨૦૨૫ થી ૨૦/૧/૨૦૨૬ સુધીમાં ૮૮૩ નવી અરજી, ૨,૯૩૨ રીન્યુ અરજી મળી કુલ ૩,૮૧૫ અરજી મંજુર કરવામાં આવી હતી. બે વરસમાં કુલ ૧,૧૬૧ નવી, ૫,૮૮૪ રીન્યુ અરજી મળી કુલ ૭,૦૪૫ અરજી મંજુર કરાઈ હતી.

# પ્રદેશ ભાજપ પ્રમુખે કેજરીવાલ અને ભગવંત માન પર કર્યા આકરા પ્રહાર : આમ આદમી પાર્ટી કયારેય ખેડુતો અને સ્થાનિક વિકાસ માટે કામ કરતી નથી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




ગુજરાતમાં હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીને લઈને દરેક પક્ષ એડીચોટીનુ જોર લગાવવા તૈયાર છે. દરેક પક્ષના હાઈકમાન્ડ ના હવે ગુજરાતમાં આંટાફેરા વધી ગયા છે. હાલ અરવિંદ કેજરીવાલ એક તરફ ગુજરાતમાં છે અને વિરોધી પક્ષો પર પ્રહાર કરી રહ્યા છે. ત્યારે હવે આ જ પ્રહારનો વળતો જવાબ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ આપ્યો છે.

આજે પ્રદેશ ભાજપ પ્રમુખ વિશ્વકર્માએ પ્રેસ કોન્ફરન્સ યોજી કેજરીવાલને વળતો જવાબ આપ્યો હતો. ગુજરાતના પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના ૮,૯૩૧ દિવસ પુર્ણ થતા પ્રેસ કોન્ફરન્સ નુ આયોજન કર્યુ હતું. જેમાં જગદીશ વિશ્વકર્મા એ આગામી દિવસોમાં પાર્ટીના આયોજનો અને સ્થાનિક સ્વરાજયની ચુંટણીની તૈયારીઓ અંગે માહિતી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ચુંટણીપંચ દ્વારા ચુંટણીની તારીખ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ જ ભાજપ મેદાનમાં સંપૂર્ણ તૈયારી સાથે પ્રવેશ કરશે, અત્યાર સુધી પાર્ટીમાં વિભિન્ન કમિટીઓ બનાવવાની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. અને કોર ટીમ તેમજ ચુંટણી સમિતિ ઘોષિત કરી દેવામાં આવી છે. તેમણે સ્પષ્ટ કહ્યુ હતુ કે અમે ચુંટણી માટે મેદાનમાં તૈયારી પૂર્વક જ જઈએ છીએ. ગેર સમયે પ્રવેશ નહી કરીએ, જગદીશ વિશ્વકર્માએ ખાસ કરીને આમ આદમી પાર્ટી પર આક્રમક ટીકા કરી, તેમણે આમ આદમી પાર્ટી પર આરોપ લગાવ્યો કે તેઓ ચુંટણીઓમાં ખાલી ખુરશીઓ છોડી દે છે. અને લોકોને પૈસા આપી બોલાવે છે, તેમણે વધુમાં કહ્યુ કે કેજરીવાલ અને ભગવંત માનની ગુજરાતમાં પ્રવૃત્તિ માત્ર પ્રચાર માટે છે , જયારે આમ આદમી પાર્ટી કયારેય ખેડુતો અને સ્થાનિક વિકાસ માટે કામ કરતી નથી. વિશેષ રીતે જગદીશ વિશ્વકર્માએ ગુજરાત સરકારના કૃષિ સહાય, હેલ્થ કેર સેવા અને ટેકાના ભાવે ખરીદી માટેના પ્રયાસોનો ઉલ્લેખ કરતા જણાવ્યુ હતુ કે અતિવૃષ્ટી અને કુદરતી આફતોમાં સરકાર કયારેય ખેડુતોને નિરાશ નથી કરતી, આ પ્રતિભાવ સાથે ભાજપ સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી રહી છે. અને આગામી તબકકામાં મેદાનમાં પ્રવેશ કરશે. જગદીશ વિશ્વકર્માના નિવેદનોને આમ આદમી પાર્ટી પર કડક સવારો કરવા માટે તૈયારીમાં છે. ગુજરાતમાં પોતાના પ્રચારને તેજ બનાવવાની યોજના ધરાવે છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ ગૃહ વિભાગે બદલી બઢતી દોર કર્યો શરૂ : ૫૧૮ પીઆઈ બદલી અને ૨૫૪ પીએસઆઈને બઢતી અપાઈ

**અમદાવાદ શહેરના પોલીસ તંત્રમાં પણ નોંધપાત્ર ફેરફારોઃ અગાઉ ફરજ બજાવી ચુકેલા કેટલાક અનુભવી અધિકારીઓને ફરીથી શહેરમાં નિયુકિત અપાઈ**

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજયના ગૃહ વિભાગ દ્વારા આજે ગુરૂવારે પોલીસબેડામાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા હતા. ગુજરાત પોલીસમાં એક સાથે આટલી મોટી સંખ્યામાં બદલી અને બઢતીના આદેશો છુટતા વહિવટી તંત્રમાં ભારે હલચલ મચી ગઈ છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને આ મેગા ટ્રાન્સફર કરવામાં આવી હોવાનુ માનવામાં આવી રહ્યુ છે.

પહેલા ૨૫૪ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી આપવામાં આવી તેના તુરંત બાદ ૫૧૮ પીઆઈ ની બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા. નિયમ મુજબ જે અધિકારીઓ એક જ જિલ્લા કે ઝોનમાં લાંબા સમયથી ફરજ બજાવતા હતા તેમની બદલી કરવામાં આવી છે.

આ પાછળનો મુખ્ય હેતુ આગામી ચુંટણીઓમાં નિષ્પક્ષ કામગીરી સુનિશ્ચિત કરવાનો છે. રાજયના સંવેદનશીલ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા વધુ સધન બને તે માટે અનુભવી અધિકારીઓને વ્યુહાત્મક રીતે મુકવામાં આવ્યા છે. આ બદલીના આદેશોમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મહાનગરો સહિત ગ્રામ્ય વિસ્તારોના પીઆઈનો સમાવેશ થાય છે. વરસોથી શહેરી વિસ્તારોમાં સ્થાયી થયેલા અધિકારીઓને ગ્રામ્ય વિસ્તારોમાં જવાબદારીઓ સોંપવામાં આવી છે.

પીસીબી અને એલસીબી જેવા સ્પેશ્યલ યુનિટ્સમાં કાર્યરત અધિકારીઓને હવે સીધા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેરના ૪૭ પીઆઈની અન્ય જિલ્લાઓ અથવા એજન્સીઓમાં બદલી કરવામાં આવી છે. જેમાં નરોડા, નારોલ, રાણીપ અને ગાયકવાડ હવેલી જેવા મહત્વના પોલીસ સ્ટેશનના અધિકારીઓનો સમાવેશ થાય છે.

# પૂર્વ મંત્રી જવાહર ચાવડાના અંગત ટેકેદારોએ જિલ્લા પંચાયતની ચુંટણી માટે આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવતા ભાજપ છાવણીમાં પડયો સોંપો

પ્રતિનિધિ,ગાંધીનગર



જુનાગઢની રાજનીતીમાં મોટો ફેરફાર જવાહર ચાવડાના ગઢમાં જોવા મળ્યો છે. ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડા પક્ષ થી નારાજ હોવાની ચર્ચાઓ લાંબા સમયથી ચાલી રહી છે. હવે તેમના અંગત ટેકેદારોએ જિલ્લા પંચાયતની ચુંટણી માટે આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવતા ભાજપ છાવણીમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આમ આદમી પાર્ટી દ્વારા જાહેર કરાયેલી ઉમેદવારોની પ્રથમ યાદીમાં આ ટેકેદારોના નામ હોવાથી ભાજપને મોટુ નુકશાન થવાની ભીતી છે. તો બીજી તરફ આમ આદમી પાર્ટીના આક્રમક પ્રચાર અને વહેલી ઉમેદવાર જાહેરાત સામે વળતો પ્રહાર કરવા માટે પ્રદેશ ભાજપ પ્રમુખ વિશ્વકર્મા મેદાને ઉતર્યા છે. તેઓ જુનાગઢ જિલ્લાના પ્રવાસે છે જયાં તેઓ સવારે માણાવદરમાં કાર્યકર્તા સંમેલનને સંબોધશે . બપોર બાદ વિસાવદરમાં પક્ષના કાર્યકર્તાઓ સાથે એક બેઠક કરીને વાર્તાલાપ કરશે, આ કાર્યકર્તા સંમેલન પાછળનો મુખ્ય ઉદેશ પક્ષમાં ફેલાયેલી આંતરીક નારાજગી ને દુર કરવી અને સંગઠનને ફરી બેઠુ કરવાનો છે. ખાસ કરીને જયાં આમ આદમી પાર્ટીનુ સંગઠન મજબુત છે તેવા વિસ્તારોમાં ભાજપ પોતાનો કિલ્લો બચાવવા મથામણ કરી રહ્યુ છે.

ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ અન્ય પાર્ટીઓ કરતા વહેલી ઉમેદવારોની યાદી જાહેર કરીને ભાજપ પર દબાણ વધાર્યુ છે. જુનાગઢ પર વધુ ફોકસ જોવા મળી રહ્યુ છે. કારણ કે વિસાવદર જેવા વિસ્તારો પોતાના ધારાસભ્યો અને મજબુત પકકડ ધરાવતા વિસ્તારો છે. રાજકીય પંડીતોનુ માનવુ છે કે ભાજપના અસંતુષ્ટ નેતાઓને પોતાની તરફ ખેંચીને આમ આદમી પાર્ટી આ વખતે જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં મોટો ઉલટફેર કરી શકે છે. નોંધનીય છે કે માણાવદર અને વિસાવદર બેઠકો માત્ર ચુંટણીલક્ષી નહી પણ ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ છે. એક તરફ જવાહર ચાવડાની નારાજગી અને બીજી તરફ ગોપાલ ઈટાલીયાના હોમગ્રાઉન્ડ પર ભાજપની શાખ બચાવવાનો મોટો પડકાર છે. હવે જોવાનુ એ રહેશે કે જગદીશ વિશ્વકર્માનુ આ સંમેલન કાર્યકર્તાઓમાં કેટલો ઉત્સાહ ભરી શકે છે. જુનાગઢ ની રાજનીતીમાં મોટો ફેરફાર જવાહર ચાવડાના ગઢમાં જોવા મળ્યો છે. ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડા પક્ષ થી નારાજ હોવાની ચર્ચાઓ લાંબા સમયથી ચાલી રહી છે. હવે તેમના અંગત ટેકેદારોએ જિલ્લા પંચાયતની ચુંટણી માટે આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવતા ભાજપ છાવણીમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આમ આદમી પાર્ટી દ્વારા જાહેર કરાયેલી ઉમેદવારોની પ્રથમ યાદીમાં આ ટેકેદારોના નામ હોવાથી ભાજપને મોટુ નુકશાન થવાની ભીતી છે.

# કર્મચારીઓને પગાર નહીં ચૂકવતા ફિલ્ડ ઓફિસરનું અપહરણ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વાડજ વિસ્તારમાં કર્મચારીઓને પગારના ચુકવવાનુ ફીલ્ડ ઓફિસરને ભારે પડ્યું છે. વારંવાર પગારની માંગણી કરવા છતાં પગાર ના આપતા કર્મચારીઓએ ફિલ્ડ ઓફિસરનું અપહરણ કરીને માર માર્યો.એટલું જ નહીં માફી મંગાવતો વીડિયો પણ બનાવ્યો.અંતે મામલો પોલીસ સ્ટેશન પહોચતા પોલીસે ફરીયાદ નોંધીને બે સગીર સહીત સાત લોકોને ઝડપી લીધા છે.તમામ આરોપીઓની વાડજ પોલીસે ધરપકડ કરી છે.આરોપીઓએ ભેગા મળીને તેમની જ કંપનીના ફિલ્ડ ઓફિસરનું અપહરણ કર્યું અને માર માર્યો છે. પગારના બાકી લેણાની વારંવાર ઉઘરાણી કરવા છતાં ફરીયાદી યુવકએ પગાર ચુકવ્યો ના હતો.જેથી અંતે કંટાળીને આરોપીઓએ તેને મળવા માટે બોલાવ્યો હતો. જ્યાં તેને માર મારીને ક્રેટા ગાડીમાં બેસાડી અપહરણ કર્યું હતું. બાદમાં અન્ય જગ્યાએ લઈ જઈને બીજા મિત્રોને બોલાવી માર માર્યો હતો.જે અંગેની જાણ ફરીયાદીએ પોલીસને કરતા પોલીસએ ફરીયાદ નોંધી હતી. ફરીયાદી નવરંગપુરા ખાતે આવેલ એમ આઈ એફ એમ કોર્પોરેશનમાં ફીલ્ડ ઓફિસર તરીકે કામ કરતો હતો.જે કંપનીનું કામ હાઉસ કિપીંગ મેન પાવરનું હતું. જેણે પકડાયેલ આરોપી માંથી પીન્ટુ મકવાણા અને હર્ષ મોભને સાતેક મહીના પહેલા નોકરીએ રખાવ્યા હતાં.જ્યારે નયન પણ તેમની સાથે ફીલ્ડ ઓફિસર તરીકે નોકરી કરતો હતો.૨૪મી માર્ચના દિવસે સાંજના સાડા છ વાગ્યાની આસપાસ ફરીયાદી નોકરીથી ઘરે જઈ રહ્યો હતો ત્યારે વિશાલએ તેને ફોન કરીને ભીમજીપુરામાં આવેલ સંજીવની હોસ્પિટલ નજીક બોલાવ્યો હતો. જ્યાંથી નયન અને વિશાલએ તેને માર મારીને ક્રેટા ગાડીમાં બેસાડી ચાંદલોડીયા રેલ્વે સ્ટેશન નજીક આવેલ ખુલ્લી જગ્યામાં લઈ ગયા હતાં. અને અન્ય આરોપીઓ સાથે મળી તેને માર માર્યો હતો.સમગ્ર ઘટનાની જાણ ફરીયાદીએ પોલીસને કરતા વાડજ પોલીસએ અપહરણ, રાયોટીંગ સહીતની કલમો હેઠળ ગુનો દાખલ કરીને બે સગીર સહીત સાત આરોપીઓને ઝડપી લીધા છે.